


RNI No. GUJGUJ/2016/70752
NAVSARJAN SANSKRUTI

# નવસર્જન સંસ્કૃતિ

નવસર્જન સંસ્કૃતિ

અમદાવાદથી પ્રસિદ્ધ થતું દૈનિક

Volume : 09
Issue : 330
Dt.: 05-10-2025, Sunday
Page:04
Rs.00.50 paisa

EDITOR : RAGINI JIGNESHKUMAR VAGHELA Regd. Office : B/13, Sneh Plaza Shopping Centre, I.O.C. Road, Chandkheda, Ahmedabad-382 424, Gujarat, India.

Phone : 76983 33307 (M) 84859 51747, 70963 33307 ● Email : navsarjansanskruti2016@gmail.com ● Email : navsarjansanskruti2016@yahoo.com ● Website : www.navsarjansanskruti.com


### હમાસ દ્વારા શાંતિ યોજના સ્વીકારવાના અને બંધકોના છૂટકારાને મોટું પગલું ગણાવ્યું છે

## PM મોદીએ ટ્રમ્પના કર્યા વખાણ: ટ્રમ્પના પીસ પ્લાનના કેટલાક ભાગોનો સ્વીકાર કરી લીધો

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

ગાઝામાં લાંબા સમયથી ચાલી રહેલા તણાવ વચ્ચે એક મોટા સમાચાર સામે આવ્યા છે. હમાસે અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પના પીસ પ્લાનના કેટલાક ભાગોનો સ્વીકાર કરી લીધો છે. જેમાં બંધકોના છૂટકારાનો પણ સંકેત સામેલ છે. જેના પર પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ શનિવારે ટ્રમ્પના પ્રયત્નોને બિરદાવ્યા અને ભરોસો વ્યક્ત કર્યો કે ભારત હંમેશા આ વિસ્તારમાં સ્થાયી અને ન્યાયસંગત શાંતિના પ્રયત્નોનું સમર્થન કરતું રહેશે. હમાસે ટ્રમ્પની ૨૦ પોઈન્ટવાળી શાંતિ યોજનાના કેટલાક ભાગોનો સ્વીકાર કર્યો છે. જેમાં યુદ્ધ સમાપ્ત કરવું, ઈઝરાયેલની સેનાનું પાછળ હટવું, ઈઝરાયેલી બંધકો અને પેલેસ્ટાઈનના કેદીઓનો છૂટકારો, સહાય અને પુર્નવસનના પ્રયત્નો સામેલ છે. આ સાથે જ હમાસે પેલેસ્ટાઈનના વિસ્તારમાંથી જબરદસ્તીથી કાઢી મૂકવા વિરુદ્ધ પણ પોતાની સહમતિ જતાવી. નોંધનીય છે કે ટ્રમ્પની ધમકીના ગણતરીના કલાકોમાં આ પગલું જોવા મળ્યું. જેમાં કહેવાયુ હતુ કે જો યોજનાને રવિવાર સાંજ સુધીમાં સ્વીકારવામાં નહીં આવે તો બધુ ખતરનાક થઈ જશે.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આ પ્રગતિને મહત્વપૂર્ણ ગણાવી. તેમણે કહ્યું કે ટ્રમ્પના નેતૃત્વમાં ગાઝામાં શાંતિ પ્રયત્નો નિર્ણાયક રીતે આગળ વધી રહ્યા છે. મોદીએ બંધકોના છૂટકારાની સંભાવનાને એક મોટું પગલું ગણાવ્યું અને ભરોસો વ્યક્ત કર્યો કે ભારત હંમેશા આ પ્રકારના પ્રયત્નોનું સમર્થન કરતું રહેશે. તેમણે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એક્સ પર પોસ્ટ શેર કરતા લખ્યું કે ભારત સ્થાયી અને ન્યાયસંગત શાંતિની દિશામાં તમામ પહેલનું સશક્ત સમર્થન ચાલુ રાખશે.

અત્રે જણાવવાનું કે હમાસનું આ પગલું માત્ર ગાઝા માટે જ નહીં પરંતુ સમગ્ર મધ્યપૂર્વી વિસ્તાર માટે મહત્વપૂર્ણ છે. તેના દ્વારા હિંસા ઘટવાની સંભાવના સાથે બંધકોની સુરક્ષા સુનિશ્ચિત કરવામાં પણ મદદ મળશે. વિશેષજ્ઞોનું માનવું છે કે આ પગલાંથી વૈશ્વિક સમુદાયને મધ્ય પૂર્વમાં સ્થિરતાની દિશામાં આશા વધી છે. ભારતના સમર્થન અને ટ્રમ્પના પ્રયત્નોની સાથે આ ઘટના વૈશ્વિક સ્તર ઉપર પણ શાંતિ પ્રયાસો માટે સકારાત્મક સંકેત પણ આપે છે.

### કારથી લઈને AC ફ્રિજ બધામાં ધૂમ વેચાણ

## જીએસટી રિફોર્મથી બજારમાં નવરાત્રીએ જ દિવાળી આવી ગઈ

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

જીએસટી રિફોર્મની અસરો તહેવારની ખરીદીમાં પણ સ્પષ્ટ જોવા મળી રહી છે. ગ્રાહકો વિવિધ વસ્તુઓની કિંમતોમાં થયેલા ઘટાડાનો સંપૂર્ણ લાભ લેતા હોય તેવું લાગી રહ્યું છે. ભારતના કન્ઝ્યુમર ઈકોનોમીમાં આ વર્ષે નવરાત્રી દરમિયાન છેલ્લા ૧૦ વર્ષમાં સૌથી વધુ વેચાણ નોંધાયું છે. મનીકંટ્રોલના જણાવ્યા અનુસાર, સરકારી સૂત્રોએ મોદી સરકારના નેક્સ્ટજેન જીએસટી રિફોર્મે ટેક્સ દર ઘટાડવા અને માલસામાનને વધુ સુલભ બનાવ્યા હતા, જેના કારણે માંગ અને ખર્ચમાં નોંધપાત્ર વધારો થયો હતો. GST સ્લેબમાં ફેરફારથી આવશ્યક અને લક્ઝરી પ્રોડક્ટ્સ બંને પર ટેક્સનો બોજ ઓછો થયો, જેના કારણે કાર, હોમ એપ્લાયન્સિસ અને લાઈફસ્ટાઈલ ગુડ્સમાં વ્યાપક અપગ્રેડ થયા.

આ નવરાત્રીમાં ઓટોમોબાઈલ સેક્ટર સૌથી મોટું વિનર રહ્યું છે. મારુતિ સુઝુકીએ છેલ્લા ૧૦ વર્ષમાં તેનું બેસ્ટ પર્ફોમન્સ આપ્યું. કંપનીનું બુકિંગ બમણું થયું અને તેણે આ નવરાત્રીમાં ૧.૬૫ લાખ વાહનો ડિલીવર કર્યા. પહેલા દિવસે ૩૦,૦૦૦ વાહનોની ડિલીવરી સાથે તે ૩૫ વર્ષનો રેકોર્ડ રહ્યો. મહિન્દ્રા એન્ડ મહિન્દ્રાએ ૬૦ ટકાનો શાનદાર ગ્રોથ નોંધાવ્યો. હ્યુન્ડાઈના જીંફ મોડેલ જેમ કે ક્રેટા અને વેન્યુની મજબૂત માંગ જોવા મળી, જે કુલ વેચાણના ૭૨ ટકા હિસ્સો ધરાવે છે. હીરો મોટોકોર્પના શોરૂમ્સમાં ફૂટફોલ્સ ડબલ થયું. તો ટાટા મોટર્સે Altroz, Punch, Nexon, Tiagoની મજબૂત ડિમાન્ડના કારણે ૫૦૦૦૦થી વધુ ગાડીઓ વેચી. બજાજ ઓટોએ પણ મજબૂત ફેસ્ટિવ સેલ્સનો રિપોર્ટ આપ્યો. કન્ઝ્યુમર ઈલેક્ટ્રોનિક્સ સેગ્મેન્ટમાં પણ વેચાણમાં બંપર ઉછાળો જોવા મળ્યો.

હાયરના વેચાણમાં ૮૫ ટકાનો વધારો થયો અને કંપનીએ તેના હાઈ-એન્ડ ૮૫-ઈંચ અને ૧૦૦-ઈંચ ટીવીનો સ્ટોક લગભગ ખતમ કરી દીધો છે. એલજી ઈલેક્ટ્રોનિક્સ ઈન્ડિયાએ તેની બધી પ્રોડક્ટ કેટેગરીમાં મજબૂત ગ્રોથ નોંધાવ્યો. રિલાયન્સ રિટેલે ૨૦-૨૫ ટકા ગ્રોથ નોંધાવ્યો, જેમાં મોટા ટીવી, સ્માર્ટફોન અને ફેશન સેગમેન્ટ્સ મુખ્ય રહ્યા. વિજય સેલ્સ અને ગોદરેજ એપ્લાયન્સિસે પણ ડબલ-ડિજિટ ગ્રોથ નોંધાવ્યો છે. આ નવરાત્રિમાં બ્રાન્ડ્સ અને રિટેલર્સે ૨૫% થી ૧૦૦% સુધી સેલ્સ ગ્રોથ નોંધાવ્યો છે. સરકારના મતે આ વર્ષના ફેસ્ટિવ સિઝનના પહેલા ભાગમાં (ઓણમ, દુર્ગા પૂજા અને દશેરા સહિત) વર્ષના કુલ વપરાશમાં ૪૦-૪૫% ફાળો આપશે. રેકોર્ડબ્રેક નવરાત્રિ ડિમાન્ડ સ્પષ્ટપણે દર્શાવે છે કે GST ઘટાડાથી માત્ર પ્રોડક્ટ્સ સસ્તી જ થઈ નથી, પરંતુ કન્ઝ્યુમર સેન્ટિમેન્ટ પણ વધ્યું છે અને ભારતના વપરાશ-સંચાલિત અર્થતંત્રને શાનદાર ફેસ્ટિવ બૂસ્ટ આપ્યો છે.

### પાંચ એજન્સીઓ નહીં કરે પૂછપરછની લેખિત ખાતરી

## ભાગેડુ નીરવ મોદીને પરત લાવવા સરકારના પ્રયાસો

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી



ભારત સરકાર ભાગેડુ નીરવ મોદીને ભારત લાવવા માટે તમામ પ્રયાસો કરી રહી છે. હવે, ભારત સરકારે બ્રિટનને ખાતરી આપી છે કે જો તેને હવાલો સોંપવો આવશે, તો તેની સામે ફક્ત કોર્ટમાં જ કેસ ચલાવવામાં આવશે. કોઈ એજન્સી તેની પૂછપરછ કરશે નહીં, કે તેને ફરીથી અટકાયતમાં લેવામાં આવશે નહીં. સરકારે આ અંગે બ્રિટનને પત્ર લખ્યો છે. ભાગેડુ નીરવ મોદી પર હજારો કરોડ રૂપિયાના કૌભાંડનો આરોપ છે. ભારત સરકારે તેના કેસ અંગે બ્રિટનને સ્પષ્ટ સંદેશ આપ્યો છે. ભારતે લંડન સરકાર અને કોર્ટને ખાતરી આપી છે કે પાંચ મુખ્ય ભારતીય એજન્સીઓ – CBI, ED, SFIO, કસ્ટમ્સ અને આવકવેરા વિભાગ – તેમની પૂછપરછ કરશે નહીં. આ અંગે ખાતરી પત્ર અથવા લેખિત ગેરંટી જારી કરવામાં આવી છે. તેમાં જણાવાયું છે કે નીરવ મોદી સામે પહેલાથી જ નોંધાયેલા કેસ જ ચલાવવામાં આવશે. આમાં છેતરપિંડી અને મની લોન્ડરિંગનો સમાવેશ થાય છે. નીરવ મોદીએ લંડનની વેસ્ટમિન્સ્ટર કોર્ટમાં અપીલ કરી હતી. તેમણે દાવો કર્યો હતો કે જો તેમને ભારત મોકલવામાં આવશે, તો તેમની અનેક એજન્સીઓ દ્વારા પૂછપરછ કરવામાં આવશે અને જેલમાં ત્રાસ આપવામાં આવશે. ભારતે સ્પષ્ટતા કરી હતી કે તેમને ફક્ત કોર્ટ ટ્રાયલનો સામનો કરવો પડશે અને કોઈપણ એજન્સી દ્વારા પૂછપરછ કરવામાં આવશે નહીં.

ભારત સરકારે પોતાના પત્રમાં નીરવ મોદીની સુરક્ષા અને રહેવાની વ્યવસ્થાનો પણ ઉલ્લેખ કર્યો છે. તેમને મુંબઈની આર્થર રોડ જેલના બેરેક નંબર ૧૨ માં રાખવામાં આવશે. આ બેરેક ખાસ કરીને હાઈ-પ્રોફાઈલ કેદીઓ માટે બનાવવામાં આવી છે. તેમને સામાન્ય કેદીઓથી અલગ રાખવામાં આવે છે અને યુરોપિયન ધોરણો અનુસાર જરૂરી સુવિધાઓ પૂરી પાડવામાં આવે છે. અધિકારીઓને વિશ્વાસ છે કે ભારતની લેખિત ખાતરી બાદ નીરવ મોદીની અપીલ ફગાવી દેવામાં આવશે. આ કેસની સુનાવણી ૨૩ નવેમ્બરે થવાની છે, અને તે દિવસે નીરવ મોદીનો દાવો ફગાવી દેવાની શક્યતા છે.

### અલ્લાહાબાદ હાઈકોર્ટે અરજી ફગાવી

## સંભલમાં મસ્જિદ તોડી પાડવા અંગે મુસ્લિમ પક્ષને ઝટકો

(સંપૂર્ણ સમાચાર સેવા)સંભલ

ઉત્તર પ્રદેશના સંભલ જિલ્લામાં તળાવ અને સરકારી જમીન પર બનેલી મસ્જિદને તોડી પાડવાના આદેશને પડકારતી અરજીને અલ્હાબાદ હાઈકોર્ટે ફગાવી દીધી છે. દશેરાની રજાઓ હોવા છતાં શનિવારે સવારે ખાસ બેન્ચ દ્વારા આ મામલે સુનાવણી કરવામાં આવી હતી.

કોર્ટે મસાજિદ શરીફ ગોસુલબારા રાંવા બુઝુર્ગ અને મસ્જિદના મુતવલ્લી મિંજર તરફથી દાખલ કરાયેલી અરજીને નામંજૂર કરી હતી.

જસ્ટિસ દિનેશ પાઠકની ખંડપીઠે અરજદારની અરજી પર હસ્તક્ષેપ કરવાનો ઈન્કાર કરતાં કહ્યું કે, 'આ મામલે વૈકલ્પિક ઉપચાર ઉપલબ્ધ છે, જેનો સહારો લઈ શકાય છે.'

અરજદાર દ્વારા અરજી દાખલ કરીને રજાના દિવસે તાત્કાલિક ધોરણે સુનાવણીની માંગ કરવામાં આવી હતી. અરજીમાં મસ્જિદ, બારાત ઘર અને હૉસ્પિટલને તોડી પાડવાના આદેશો પર રોક લગાવવાની માંગ કરવામાં આવી હતી. આ ઉપરાંત, અરજીમાં તંત્રની કાર્યવાહી પર સવાલ ઉઠાવતા કહેવામાં આવ્યું હતું કે, ધ્વસ્તીકરણ માટે જાણી જોઈને ૨ ઑક્ટોબર (ગાંધી જયંતિ) અને દશેરાની રજાનો દિવસ પસંદ કરવામાં આવ્યો, જ્યારે બુલડોઝરની કાર્યવાહી દરમિયાન ભીડના કારણે કોઈ મોટી દુર્ઘટના કે બબાલ થવાની શક્યતા હતી.

આ કાર્યવાહી પાછળ વહીવટી તંત્રનો આરોપ છે કે બારાત ઘર તળાવની જમીન પર બનાવવામાં આવ્યું છે, જ્યારે મસ્જિદનો અમુક ભાગ સરકારી જમીન પર અતિક્રમણ કરીને બાંધવામાં આવ્યો છે.

આ મામલે શુક્રવારે પણ સવા કલાક સુધી સુનાવણી ચાલી હતી, પરંતુ મસ્જિદ પક્ષને કોઈ વચગાળાની રાહત મળી નહોતી. કોર્ટે વધુ દસ્તાવેજો રજૂ કરવાના નિર્દેશ સાથે શનિવારે સવારે ૧૦ વાગ્યે ફરી સુનાવણી કરવાનું કહ્યું હતું.

સંભલના રાયાં બુઝુર્ગ ગામમાં સરકારી જમીન પર બનેલી મસ્જિદને દૂર કરવાનું કામ બીજા દિવસે શુક્રવારે પણ ચાલુ હતું. વહીવટી તંત્રએ મસ્જિદને દૂર કરવા માટે ચાર દિવસનો સમય લીધો હતો, જેને મુસ્લિમ સમુદાયના લોકોએ પણ સ્વીકાર્યો હતો. જુમ્માની નમાઝ અદા કર્યા બાદ ગ્રામીણોએ ખુદ મસ્જિદી દીવાલ તોડવાનું શરુ કરી દીધું હતું.

## RSSની પ્રશંસા કરતા સંજય દત્ત પર ભડક્યાં કોંગ્રેસ નેતા

(સંપૂર્ણ સમાચાર સેવા)મુંબઈ

રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (RSS)ની આગામી ૧૦૦મી વર્ષગાંઠ નિમિત્તે બોલિવૂડ અભિનેતા સંજય દત્ત દ્વારા શેર કરવામાં આવેલા એક વીડિયોએ ભારતીય રાજકારણ અને સોશિયલ મીડિયા પર ભારે ચર્ચા જગાવી છે.

આ વીડિયોમાં સંજય દત્તે RSSના કાર્યોની પ્રશંસા કરી છે અને સંગઠનની શતાબ્દીની શુભેચ્છાઓ પાઠવી છે, જેના પગલે કોંગ્રેસે નારાજગી વ્યક્ત કરી અને અભિનેતાની આકરી ટીકા કરી છે.

બોલિવૂડ અભિનેતા સંજય દત્તે બીજી ઓક્ટોબરના રોજ પોતાના સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર આ વીડિયો પોસ્ટ કર્યો હતો. આ વીડિયોમાં તેમણે ભારપૂર્વક કહ્યું હતું કે, આરએસએસ હંમેશા દેશની સાથે ઊભું રહ્યું છે, ખાસ કરીને સંકટ અને મુશ્કેલીઓના સમયમાં. સંજય દત્તના આ નિવેદનથી સોશિયલ મીડિયા પર વિવાદ અને રાજકીય પ્રતિક્રિયાઓનો દોર શરૂ થઈ ગયો છે.

સંજય દત્તના આ નિવેદનથી કોંગ્રેસે નારાજગી વ્યક્ત કરી છે. કોંગ્રેસના નેતા સુરેન્દ્ર રાજપૂતે X પર સંજય દત્ત પર આકરો પ્રહાર કરતા લખ્યું, તમે નાયક નથી, તમે ખલનાયક છો. તમે તમારા પિતાના લાયક નથી.

નોંધનીય છે કે, સંજય દત્તના પિતા દિવંગત સુનીલ દત્ત, કોંગ્રેસના એક અગ્રણી નેતા અને સંસદ સભ્ય (MP) તરીકે સેવા આપી ચૂક્યા છે. તેમની બહેન પ્રિયા દત્ત પણ કોંગ્રેસ પક્ષ સાથે સંકળાયેલી છે.

## આજથી બદલાઈ ગયો ચેક જમા કરવાનો નિયમ

### હવે કલાકોમાં જ થઈ જશે ક્લિયર: સવારે ૧૦થી ૪ વાગ્યા સુધીમાં ચેક જમા કરાવવો જરૂરી

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી



ભારતમાં ચેકમાં અગાઉ માઈકર સીસ્ટમ અને બાદ ચેક એક દિવસમાં પાસ થાય તેવી ચેક ટ્રૅકેશન સીસ્ટમ (CTS) અમલમાં આવ્યા બાદ હવે સેઈમ ડે ક્લીયરીંગથી આગળ વધીને કન્ટીન્યુ અસ ક્લીયરીંગની પ્રથા આજ તા. ૪ ઓક્ટોબર ૨૦૨૫થી બેક્રોમાં શરૂ થઈ છે, જેમાં કલાકોમાં જ ચેકને પાસ કરી ધારકના ખાતામાં રકમ જમા થશે કે ચેક રિજેક્ટ કરવાપાત્ર જણાય તો રિજેક્ટ કરી દેવાશે.

રાજકોટના બેન્કિંગ સૂત્રોએ જણાવ્યું કે ક્લીયરીંગ એક સમયે થતું તેના બદલે હવે સતત થશે અને આ માટે ખાતાધારક ચેક આપે તે સમયે તેની બેલેન્સ ચેક કરીને જ ચેક આપવો સલાહભર્યું છે. કારણ કે ચેક પાસ ઝડપથી થશે તેમ રિજેક્ટ પણ થઈ શકે છે.

નવી સિસ્ટમ મુજબ રાજ્યની દરેક બેક્રોમાં ચેક ખાતામાં સવારે ૧૦થી સાંજે ૪ વાગ્યા સુધીમાં જમા કરાવવાનો રહેશે અને તે ચેક સ્કેન કરીને તુરંત જ ક્લીયરીંગ માટે તત્કાલ મોકલી દેવાશે. સવારે ૧૧ વાગ્યાથી દર કલાકે ક્લીયરીંગ હાથ ધરાશે અને પેઈંગ બેંક (ચેકની રકમ ચૂકવતી બેક્ર)એ ફરજીયાતપણે ચેકને સાંજે ૭ વાગ્યા સુધીમાં કન્ફર્મ કરવો પડશે અને જો બેક્ર તેમ નહીં કરે તો ચેક આપોઆપ પાસ થઈ જશે. હાલ આ પ્રથાનો પ્રથમ તબક્કો કાલથી શરૂ થઈ રહ્યો છે અને તેની ટ્રાયલ રન પણ આજે લેવાઈ છે અને તા. ૩ જાન્યુઆરી ૨૦૨૬થી આથી આગળ વધી બેક્રોએ ૩ કલાકમાં જ ચેક અંગે નિર્ણય લઈ લેવાનો રહેશે. આ પ્રથાથી વ્યાપારીઓના બેન્ક વ્યવહારો ઝડપથી થવા સાથે ચેકનું સ્ટેટસ પણ ઝડપથી જાણી શકાશે.

બેક્રિંગ વ્યવહારમાં ચેકનો ઈતિહાસ સદીઓ જૂનો છે. સૌરાષ્ટ્રમાં નરસિંહ મહેતાએ ભગવાન શ્રી કૃષ્ણને હુંડી લખી હતી.

જયારે વર્તમાન પ્રથાની શરૂઆત ઈ.સ. ૧૭૧૭માં બેક્ર ઓફ ઈંગ્લેન્ડે ચેક લોન્ચ કરીને કરી પરંતુ, લંડનમાં પ્રથમ ક્લીયરીંગ હાઉસ ૧૮૩૩માં સ્થપાયું હતું. ભારતમાં ચેક માટે ૧૮૮૧માં નેગોશિયેબલ ઈન્સ્ટ્રૂમેન્ટ એક્ટ અમલમાં આવ્યો હતો.

### પર્યટકોમાં ખુશીનો માહોલ: પ્રવાસીઓએ આ બરફવર્ષાને જાદુઈ અનુભવ ગણાવ્યો

## કાશ્મીરમાં સિઝનની પ્રથમ હિમ વર્ષા, સફેદ ચાદરથી પહાડો ઢંકાયા

(સંપૂર્ણ સમાચાર સેવા)જમ્મુ,

કાશ્મીરમાં બરફનો વરસાદ થાય એટલે દેશમાં શિયાળાની શરૂઆત થઈ કહેવાય. જમ્મુ-કાશ્મીરના અનેક પહાડી વિસ્તારોમાં સીઝનનો પહેલો બરફ પડયો છે. પ્રવાસીઓએ હળવી બરફવર્ષાનો આનંદ લીધો હતો. અત્યારે કાશ્મીરના પ્રવાસે છે એવા પ્રવાસીઓએ આ બરફવર્ષાને જાદુઈ અનુભવ ગણાવ્યો હતો. જમ્મુ-કાશ્મીરમાં સીઝનની પહેલી બરફવર્ષા થઈ હતી. બારામુલ્લામાં ગુલમર્ગ અને અનંતનાગના સિન્થાનમાં હળવો બરફ પડયો હતો. સ્કીઈંગ માટે જાણીતા સ્થળોએ બરફ પડયો બહોવાથી કાશ્મીરમાં પહોંચેલા પર્યટકોમાં ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો. આ વિસ્તારની પહાડીઓએ જાણે બરફની સફેદ ચાદર ઓઢી લીધી હોય અને શિયાળાના આગમનની છડી પોકારી હોય એવું દશ્ય જોવા મળ્યું હતું. સામાન્ય રીતે ઓક્ટોબરના મધ્યમમાં કાશ્મીરમાં બરફવર્ષા થતી હોય છે, પરંતુ ઓક્ટોબરની શરૂઆતમાં જ બરફનો વરસાદ થઈ જતાં શિયાળો વહેલો આવશે. ઓક્ટોબરના પહેલા બે વીકમાં જે પ્રવાસીઓ કાશ્મીરમાં જતા હોય છે તેમને બરફવર્ષાની અપેક્ષા ઓછી હોય છે, એ સૌ પ્રવાસીઓને સુખદ આશ્ચર્ય થયું હતું. હવામાન વિભાગે કહ્યું હતુ કે હળવા બરફના વરસાદથી સીઝન શરૂ થઈ ચૂકી છે, આગામી દિવસોમાં વધુ બરફવર્ષાની પૂરી શક્યતા છે. શ્રીનગર સહિતના વિસ્તારોમાં હળવા વરસાદી ઝાપટાં પડે એવી પણ શક્યતા છે.




# તંત્રી લેખ......

## સંબંધોનાં સમીકરણોનું સંતુલન

પાંચમી ડિસેમ્બરમાં રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમિર પુતિન ભારતની મુલાકાતે આવે એવી શક્યતા છે. જે રીતે યુક્રેનમાં રશિયાની યુદ્ધ યંત્રણામાં ઈંધણ પૂરવાનો આક્ષેપ ડૉનાલ્ડ ટ્રમ્પે નવી દિલ્હી પર નાખી રશિયન ક્રૂડતેલ ખરીદવા બદલ કચકચાવીને ટેરિફ ફટકાર્યો છે, એ પછી આ મુલાકાતની મહત્તા વધી જાય છે. ભારત-રશિયા વચ્ચે આ ૨૩મી વાર્ષિક દ્વિ-પક્ષી શિખર મંત્રણા છે અને તેમાં વ્યાપક ઍજેન્ડા પર ચર્ચા થવાની શક્યતા છે. યુનાઈટેડ નેશન્સ જનરલ ઍસેમ્બલીનાં ૮૦મા સત્રમાં તાજેતરમાં જ રશિયાના વિદેશપ્રધાન સર્ગી લાવરોવે જાહેરાત કરી હતી કે, રશિયાના રાષ્ટ્રપતિ પુતિન ડિસેમ્બરમાં ભારતની મુલાકાતે જશે. એ પહેલાં લાવરોવ પણ નવેમ્બરમાં ભારત મુલાકાતે આવવાના છે. એ પહેલાં રશિયાના સંરક્ષણ પ્રધાન ઍન્ડ્રેય બેલોઉસોવ ઑક્ટોબરમાં ઈન્ટર-ગવર્નમેન્ટલ કમિશન ઑન મિલિટરી ટેક્નિકલ કો-ઑપેશનમાં ભાગ લેવા આવવાના છે. વડા પ્રધાન નરેન્દ્ર મોદી ગયા વર્ષે રશિયાની મુલાકાતે ગયા હતા, આ ઉપરાંત આ બંને નેતાઓ એકમેકના નિયમિત સંપર્કમાં છે. હાલમાં જ અલાસ્કામાં ટ્રમ્પ-પુતિન વચ્ચેની બેઠક પછી પણ પુતિને મોદીનો ફોન પર સંપર્ક કર્યો હતો. તો, એ પછી સપ્ટેમ્બરમાં બંને શીર્ષ નેતા શાંઘાઈ કો-ઑપરેશન ઑર્ગેનાઈઝેશન સમિટમાં પણ મળ્યા હતા. ભારત પુતિનની મહેમાનગતિ નવી દિલ્હી બહારના કોઈ શહેરમાં કરશે જેમાં જયપુર, આગ્રા અને ગોવાનાં નામ ચર્ચામાં છે. છેલ્લે ૨૦૨૧માં પુતિન ભારતની મુલાકાતે આવ્યા હતા. પુતિને ગત ૨૭મી સપ્ટેમ્બરે વડા પ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં ભારતે સાધેલી આર્થિક વૃદ્ધિની પ્રશંસા કરતાં કહ્યું હતું કે, વડા પ્રધાન મોદીના વડપણ હેઠળ ભારત સંપૂર્ણપણે સ્વતંત્ર અને સાર્વભૌમ નીતિ અખત્યાર કરી રહ્યું છે, સૌથી મહત્ત્વનું એટલે આર્થિક ક્ષેત્રમાં પણ ભારત સારાં પરિણામો હાંસલ કરી રહ્યું છે અને વિશ્વનાં મુખ્ય અર્થતંત્રોમાં સર્વોચ્ચ આર્થિક વિકાસનો દર પ્રદર્શિત કરી રહ્યું છે. યોગાનુયોગે આજે ત્રીજી ઑક્ટોબરે ભારત-રશિયા વ્યૂહાત્મક ભાગીદારીની જાહેરાતની પચીસમી વર્ષગાંઠ છે અને એ પૂર્વે પુતિનની મુલાકાતના સમાચાર વિશ્વને આ ભાગીદારીનું રશિયા માટે કેટલું મહત્ત્વ છે, એવો સંદેશ આપવાનો પ્રયાસ છે. અમેરિકા-ટ્રમ્પના ટેરિફ ટેરર ઉપરાંત રશિયન બજારમાં ભારતની પહોંચ વધારવા તથા દ્વિ-પક્ષી વેપારમાં ખોરવાઈ રહેલા સંતુલન જેવા મુદ્દા આ મંત્રણા દરમિયાન ચર્ચાવાની શક્યતા છે. ૨૦૨૪-૨૫માં દ્વિ-પક્ષી કરાર વિક્રમી સર્વોચ્ચ સપાટી ૬૮.૭ બિલિયન ડૉલરને સ્પર્શ્યો છે, જેમાં રશિયાના ક્રૂડતેલની ભારત દ્વારા થઈ રહેલી ડિસ્કાઉન્ટ દરે ખરીદી મહત્ત્વની ભૂમિકા ભજવે છે. જોકે, ભારતની રશિયા નિકાસ માત્ર ૪.૮૮ બિલિયન ડૉલર છે, જેના પગલે બેલેન્સ ઑફ ટ્રેડનું પલડું રશિયા તરફ ઢળે છે. ટ્રમ્પની ગણતરી ભારતને રશિયન ક્રૂડતેલ ખરીદતું અટકાવી રશિયાને યુક્રેન યુદ્ધ રોકવા ફરજ પાડવાની છે. મૂળ તો સાત યુદ્ધો રોકવાનો દાવો કરી રહેલા ટ્રમ્પની નજર શાંતિના નોબેલ પ્રાઈઝ પર છે, જેની જાહેરાત આગામી દિવસોમાં થવાની છે. જોકે, મુત્સદ્દી પુતિને અમેરિકાની મધ્યસ્થીને ગણકારી નથી અને ભારતે પણ પાકિસ્તાન મુદ્દે એકથી વધુ વાર ટ્રમ્પના હસ્તક્ષેપના પ્રયાસોને દાદ આપી નથી. આંતરરાષ્ટ્રીય રાજદ્વારી સંબંધોમાં આવી રહેલા તાનપલટા જોતાં ભારત-રશિયા સંબંધોની દૃષ્ટિએ પુતિનની મુલાકાત એક મહત્ત્વનું પગલું છે.

---

ક્રાંતિગુરુ શ્યામજી કૃષ્ણ વર્મા કચ્છ યુનિવર્સિટીનો ૧૫મો પદવીદાન સમારોહ: ૭૯૦૧ વિદ્યાર્થીઓ દીક્ષિત થયા : ૪૦ છાત્રોને ગોલ્ડમેડલ અપાયા

# સમર્થ અને આત્મનિર્ભર ભારતના નિર્માણ માટે દરેક નાગરિક સ્વદેશી અપનાવે: રાજયપાલશ્રી આચાર્ય દેવવ્રતજી

### રાજયપાલશ્રીના હસ્તે યુનિવર્સિટી કેમ્પસમાં નિર્મિત નવા પરીક્ષા ભવન તથા સી.એસ.આર. હેઠળ મળેલા વાહનોનું લોકાર્પણ કરાયું



ક્રાંતિગુરુ શ્યામજી કૃષ્ણ વર્મા કચ્છ યુનિવર્સિટીનો ૧૫મો પદવીદાન સમારોહ આજે રાજયપાલશ્રી અને યુનિવર્સિટીના કુલાધિપતિશ્રી આચાર્ય દેવવ્રતજીની ઉપસ્થિતિમાં ભુજ ખાતે યોજાયો હતો. ૭૯૦૧ વિદ્યાર્થીઓને અનુસ્નાતક અને સ્નાતકની પદવી એનાયત કરાઈ હતી. ૪૦ વિદ્યાર્થીઓને તેમની શૈક્ષણિક સિદ્ધિ માટે ગોલ્ડમેડલ એનાયત કરાયા હતા.

આ દીક્ષાંત સમારોહમાં રાજયપાલશ્રી આચાર્ય દેવવ્રતજીએ શ્યામજી કૃષ્ણ વર્માની જન્મજયંતિએ તેમને નમન કરતા જણાવ્યું હતું કે, કચ્છના સપુત શ્યામજી કૃષ્ણ વર્માએ વિદેશની ધરતી પર રહીને પણ દેશવીરો તૈયાર કર્યા હતા, તેઓ દેશભક્તિની મિશાલ હતા. તેઓના અસ્થિને વડાપ્રધાનશ્રીએ ભારત લાવી તેમના વતનમાં તેમનું સ્મારક ઉભું કરી તેમને અદકેરું સન્માન આપ્યું છે. શ્યામજી કૃષ્ણવર્માનું જીવન યુવાઓ માટે પ્રેરણારૂપ ગણાવીને રાજયપાલશ્રીએ યુવાઓને ભારતના વિકાસમાં સહયોગ આપવા સત્યપાલન, ધર્મપાલન, કર્તવ્યભાવના સાથે રાષ્ટ્રધર્મ, સમાજધર્મ, પરિવારધર્મ નિભાવવા અનુરોધ કર્યો હતો. યુવાઓને વિકસિત, સ્વદેશી, આત્મનિર્ભર ભારતના નિમાર્ણમાં સહભાગી બનવા જણાવ્યું હતું. તેમણે ઉમેર્યું હતું કે, ૨૦૪૭ સુધી ભારતને વિકસિત ભારત બનાવવાની જવાબદારી યુવાઓ પર છે ત્યારે માત્ર વૈજ્ઞાનિક દષ્ટિકોણ નહીં પરંતુ સાંસ્કૃતિક વિરાસત પણ આગળ ધપે તે જોવાની જવાબદારી યુવાવર્ગની છે. તેમણે છાત્રોને અર્જિત જ્ઞાનનો સમાજના કલ્યાણમાં ઉપયોગ કરવા શીખ આપી હતી. દીક્ષાંત સમારોહનું મહત્વ સમજાવતાં રાજયપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ જડ અને ચેતન બંનેની રક્ષા કરવા જણાવીને ઉમેર્યું હતું કે, પ્રકૃતિના મૂળભૂત તત્વો જડ તથા માતા-પિતા ચેતન છે. બંનેનું જતન કરવાની જવાબદારી નાગરિકોની છે. આજે પ્રકૃતિના નિકંદનના કારણે કુદરતી આપદા વધી છે તેમજ માતા-પિતાનું સન્માન ન જળવાતા વૃધ્ધાશ્રમ પણ વધી રહ્યા છે. ત્યારે શિક્ષિત યુવાઓએ આ બંનેનું જતન કરીને પોતાની જવાબદારીનું વહન કરવું જરૂરી છે. ભૌતિકવાદના રસ્તે જીવનમૂલ્યોને જાળવી રાખી યુવાઓને વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીની દેશ પ્રત્યેની કાર્યનિષ્ઠા, કર્તવ્યભાવનાને આદર્શરૂપ ગણી વિદ્યાર્થીઓને ભારતના વિકાસમાં આવી જ કર્તવ્યનિષ્ઠા દર્શાવવા જણાવ્યું હતું.

રાજયપાલશ્રીએ વધુમાં ઉમેર્યું હતું કે, વડાપ્રધાનશ્રીના નેતૃત્વમાં ભારત વિકાસના પથ પર દોડી રહયું છે. ત્યારે સમર્થ – આત્મનિર્ભર ભારત બનાવવા દરેક નાગરિકે સ્વદેશી તરફ પાછા વળવું પડશે. તેમણે ઉપસ્થિતોને વિદેશી વસ્તુઓને ત્યાગીને સ્વદેશીની ખરીદીને પ્રાથમિકતા આપવા અનુરોધ કર્યો હતો. યુવાઓને તેમણે બ્રાન્ડની માનસિક ગુલામીથી મુક્ત બનીને સ્વદેશી અપનાવી દેશપ્રેમ જાગૃત કરવા કટિબધ્ધ બનવા હાકલ કરી હતી. શ્રી આચાર્ય દેવવ્રતજીએ વિદ્યાર્થીઓને આજે ડિગ્રી મેળવવાની સાથે પર્યાવરણ સંરક્ષણ, ભારતીય સંસ્કૃતિને અપનાવી છાત્રોએ અર્જિત કરેલા જ્ઞાનને સમાજમાં જરૂરીયાતમંદ વર્ગ સુધી પહોંચાડવા જણાવ્યું હતું. તેમણે રાસાયણિક ખેતીના વધતા જતાં વ્યાપથી આરોગ્ય અને પ્રકૃતિને થયેલા નુકશાન અંગે જણાવીને યુવાઓને પ્રાકૃતિક ખેતી તરફ વળવા સંકલ્પબધ્ધ થવા અપીલ કરી હતી. દીક્ષાંત સમારોહમાં ૪૦ ગોલ્ડ મેડાલીસ્ટોને રાજયપાલશ્રીના હસ્તે ડિગ્રી સાથે મેડલ એનાયત કરાયા હતા. તેમજ પીએચડી થયેલા ૨૯ છાત્રોને પ્રોત્સાહિત કરાયા હતા.

આ પ્રસંગે યુનિવર્સિટીના કુલપતિ ડો. મોહનભાઈ પટેલે યુનિવર્સિટીના વિકાસકામોની છણાવટ સાથે યુનિવસિર્ટીમાં થનારા આગામી આયોજનમાં મ્યુઝિયમ, મોલ, જીમ, કાફેટેરીયા વગેરેના નિમાર્ણ તથા પ્રગતિ હેઠળના વિકાસકામો અંગે વગેરે માહિતી પૂરી પાડી હતી. તેમણે કચ્છ યુનિવર્સીટીને ગુજરાતમાં જ નહીં પરંતુ ભારતમાં વિશેષ ઓળખ અપાવવાની નેમ વ્યકત કરી હતી.

કાર્યક્રમના પ્રારંભે રાજયપાલશ્રી આચાર્ય દેવવ્રતજીને કચ્છ યુનિવસિર્ટી ખાતે ગાર્ડ ઓફ ઓનર આપવામાં આવ્યું હતું. તેમજ યુનિવર્સિટી કેમ્પસમાં નિર્મિત નવા પરીક્ષા ભવન તથા સીએસઆર હેઠળ મળેલા વાહનોનું રાજયપાલના હસ્તે લોકાર્પણ કરાયું હતું. આ પ્રસંગે અતિથિ વિશેષ તરીકે ધારાસભ્યશ્રી પ્રદ્યુમનસિંહ જાડેજા, કલેકટરશ્રી આનંદ પટેલ, જિલ્લા વિકાસ અધિકારીશ્રી ઉત્સવ ગૌતમ, પશ્ચિમ કચ્છ એસ.પી. શ્રી વિકાસ સુંડા, ભુજ પ્રાંત અધિકારીશ્રી અનિલ જાદવ, રજિસ્ટ્રારશ્રી ડો.અનિલ ગોર, મામલતદારશ્રી તેજશ પટેલ, ઈસી સભ્યો, ફેકલ્ટી ડીન, કોલેજના આચાયશ્રીઓ, અધ્યાપકો, કર્મચારીગણ તથા વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા. - જિજ્ઞા વરસાણી

---

## કચ્છ-મુંબઈ વચ્ચેની કનેક્ટિવિટીમાં વધારો, ૨૬ ઑક્ટોબરથી સીધી વિમાન સેવા શરુ થશે

(સંપૂર્ણ સમાચાર સેવા)કચ્છ એર ઈન્ડિયા દ્વારા કચ્છ અને મુંબઈ વચ્ચે હવાઈ મુસાફરી કરતા લોકો માટે એક સારા સમાચાર જાહેર કરવામાં આવ્યા છે. આગામી ૨૬ ઑક્ટોબરથી ભુજ અને મુંબઈ વચ્ચે નવી દૈનિક નોન-સ્ટોપ ફ્લાઈટ સેવા શરુ કરવામાં આવશે, જે મુસાફરોને તહેવારોની સિઝનમાં મોટી રાહત આપશે. કચ્છને દેશના આર્થિક પાટનગર મુંબઈ સાથે જોડતી આ સીધી વિમાન સેવા શરુ થવાથી અહીંના વેપારીઓ અને પર્યટકોને મોટો લાભ થશે.

આ નવી દૈનિક સેવાને કારણે ભુજ અને મુંબઈ વચ્ચેનો મુસાફરીનો સમય માત્ર ૧ કલાક અને ૨૫થી ૩૦ મિનિટનો રહેશે, જે સમય અને શક્તિ બંનેની બચત કરશે. તહેવારોની સિઝનને ધ્યાનમાં રાખીને આ ફ્લાઈટની જાહેરાત કરવામાં આવી છે, જેનાથી મુસાફરોની અવરજવર સરળ બનશે અને કચ્છ-મુંબઈ કનેક્ટિવિટી વધુ મજબૂત થશે. એર ઈન્ડિયાની આ નવી સીધી ફ્લાઈટ શરુ થવાથી કચ્છ-મુંબઈ વચ્ચેની એર કનેક્ટિવિટીમાં નોંધપાત્ર વધારો થશે. આનાથી કચ્છના વેપારીઓ, નોકરીયાતો અને પ્રવાસીઓને મોટો લાભ થશે, જેમને વારંવાર બંને શહેરો વચ્ચે અવરજવર કરવાની જરૂર પડે છે. આ નવી સુવિધા તહેવારોની સિઝન દરમિયાન મુસાફરીને વધુ સરળ અને સમયની બચત કરનારી બનાવશે.

---

ટોરેન્ટ ગ્રુપ: ૨૫,૦૦૦ની મૂડીથી શરૂ થયેલો વ્યવસાય આજે ૨૧ અબજ ડોલરનું સામ્રાજ્ય

## વાઈબ્રન્ટ ગુજરાત રિજનલ કોન્ફરન્સિસ (VGRC) ટોરેન્ટ ગ્રુપના સ્થાપક શ્રી યુ.એન. મહેતાના વારસાની કરશે ઉજવણી



ટોરેન્ટ ગ્રુપના સ્થાપક અને પ્રેરણારૂપ વ્યક્તિત્વ ઉત્તમભાઈ નાથાલાલ મહેતા (૧૪મી જાન્યુઆરી, ૧૯૨૪ - ૩૧મી માર્ચ, ૧૯૯૮) ભારતીય ઉદ્યોગ જગતના દિગ્ગજ કહેવાય છે. તેમણે એવા સમયે સ્વદેશી દવાઓ બનાવવાની શરૂઆત કરી હતી જ્યારે દેશ મહત્વપૂર્ણ દવાઓ માટે આયાત પર નિર્ભર હતો. એક સફળ ફાર્માસ્યુટિકલ બિઝનેસ સ્થાપવા ઉપરાંત તેમના નેતૃત્વમાં ટોરેન્ટ પાવરની સ્થાપના કરવામાં આવી હતી, જેણે વીજ ઉત્પાદન અને વિતરણ ક્ષેત્રમાં મજબૂત હાજરી નોંધાવી છે. જ્યારે ભારત ગંભીર વીજળીની અછતનો સામનો કરી રહ્યું હતું ત્યારે ટોરેન્ટ પાવરની સ્થાપના સાથે તેમણે વિશ્વ કક્ષાની વીજ ઉત્પાદન અને વિતરણ સુવિધાઓનું નિર્માણ કર્યું હતું.

● 'નિશાન ચૂક માફ, નહીં માફ નીચું નિશાન' સૂત્રને યુ.એન. મહેતાએ કર્યું આત્મસાત્

બનાસકાંઠા જિલ્લાના નાનકડા મહેમદપુર ગામમાં જન્મેલા ઉત્તમભાઈ નાથાલાલ મહેતાની પ્રેરણાદાયી સફર ઉત્તર ગુજરાતની ઉદ્યોગસાહસિકતાની ભાવનાનો પુરાવો છે. આજે તેમને એક દિગ્ગજ ઉદ્યોગપતિ તરીકે યાદ કરવામાં આવે છે, પરંતુ તેમનું પ્રારંભિક જીવન અનેક પડકારો, નાણાકીય કટોકટી, વ્યવસાયિક નિષ્ફળતાઓ અને ગંભીર આરોગ્ય સમસ્યાઓથી ઘેરાયેલું હતું. તેઓ અત્યંત ગરીબ પરિવારમાં જન્મ્યા હતા અને ૨ વર્ષની ઉંમરે તેમણે માતા ગુમાવી હતી. શાળાકીય શિક્ષણ પૂરું કર્યા બાદ તેઓ મુંબઈ ગયા અને વિલ્સન કૉલેજમાંથી રસાયણશાસ્ત્રમાં સ્નાતકની ડિગ્રી મેળવી. પરિવારની આર્થિક મુશ્કેલીઓને કારણે તેમને ઉચ્ચ અભ્યાસનું સપનું છોડીને ૧૯૪૪માં સરકારી નોકરી કરવાની ફરજ પડી. ત્યારબાદ તેમણે ૧૯૪૫થી ૧૯૫૮ સુધી બહુરાષ્ટ્રીય ફાર્માસ્યુટિકલ કંપની સેન્ડોઝ માટે તબીબી પ્રતિનિધિ તરીકે કામ કર્યું. વર્ષ ૧૯૫૯માં તેમણે અમદાવાદમાં માત્ર રૂ.૨૫,૦૦૦ની મૂડી સાથે ટ્રિનિટી લેબોરેટરીઝ (હવે ટોરેન્ટ ફાર્મા) નામની ફાર્માસ્યુટિકલ કંપનીની સ્થાપના કરી. જો કે, વ્યવસાય સ્થાપવાના પ્રથમ પ્રયાસમાં તેઓ નિષ્ફળ ગયા, જેને કારણે તેમણે ગામની વાટ પકડી અને વર્ષો સુધી અહીં રહ્યા. જો કે, 'નિશાન ચૂક માફ, નહીં માફ નીચું નિશાન'ના જીવન સૂત્ર સાથે જીવનારા ઉત્તમભાઈ મહેતા ૪૮ વર્ષની ઉંમરે ફાર્માસ્યુટિકલ વ્યવસાય સ્થાપવાના બીજા પ્રયાસમાં સફળ થયા.

● ગંભીર આરોગ્ય સમસ્યાઓ સામનો કરનારા શ્રી ઉત્તમભાઈ મહેતા અન્યોના જીવનમાં બન્યા આશાનું કિરણ

ફાર્માસ્યુટિકલ બિઝનેસના દિગ્ગજ કહેવાતા શ્રી ઉત્તમભાઈ નાથાલાલ મહેતાએ તેમના જીવનમાં શારિરીક અને માનસિક સ્વાસ્થ્યને લગતી સમસ્યાઓનો સામનો કરવો પડ્યો હતો. ૩૯ વર્ષની ઉંમરે તેમને આપવામાં આવેલી દવાની આડઅસરને પરિણામે માનસિક સ્વાસ્થ્ય સમસ્યાઓ ઉદ્ભવી હતી. તો ૫૩ વર્ષની ઉંમરે તેમને કેન્સરના અત્યંત દુર્લભ સ્વરૂપનું નિદાન થયું અને તે મુશ્કેલીઓ ધીરે ધીરે કાર્ડિયાક સમસ્યાઓની શરૂઆત તરફ દોરી ગઈ અને આખરે ૬૨ વર્ષની ઉંમરે હાર્ટની બાયપાસ સર્જરી થઈ. આમ, જીવનની પ્રતિકૂળતાઓનો મક્કમતાથી સામનો કરીને તેઓ અન્યોના જીવનમાં આશાનું કિરણ બન્યા હતા.

૧૯૬૮માં ઉત્તમભાઈ મહેતાએ મનોરોગ માટેની લગતી દવાઓનું માર્કેટિંગ કરીને એક નોંધનીય પગલું ભર્યું, જે એ સમયે કોઈપણ ભારતીય માલિકીની કંપની માટે એક સાહસિક અને અસામાન્ય પગલું હતું. આજે આરોગ્યસંભાળ, ઊર્જા અને રમતગમત જેવા ક્ષેત્રોમાં ટોરેન્ટ ગ્રુપે શ્રેષ્ઠતા દેખાડી છે. એક અત્યંત સફળ ઉદ્યોગપતિ હોવા ઉપરાંત યુ.એન. મહેતા એક પ્રતિબદ્ધ સામાજિક નાગરિક પણ હતા. તેમણે જીવનના ઉત્તરાર્ધમાં UNM ફાઉન્ડેશનની શરૂઆત કરી અને બહુવિધ સામાજિક કાર્યો માટેના પ્રયાસો આદર્યા. યુ.એન. મહેતા ઈન્સ્ટિટ્યૂટ ઓફ કાર્ડિયોલોજી એન્ડ રિસર્ચ સેન્ટર (UNMICRC) જેવી સંસ્થાઓ આજે ત્રણ દાયકાના કાર્યકાળ પછી પણ સમાજના વંચિત વર્ગોને સેવા આપી રહી છે.

યુ.એન. મહેતાના પત્ની શારદાબેન પણ કન્યા શિક્ષણ અને બાળકોના આરોગ્યસંભાળ માટે કાર્યરત હતા. તેમણે UNMICRCની સ્થાપનામાં પણ મુખ્ય ભૂમિકા ભજવી હતી. તેમના ચાર બાળકો સુધીર, સમીર, મીના અને નયના પણ માતા-પિતાના માર્ગે ચાલીને સામાજિક કલ્યાણ માટે યોગદાન આપી રહ્યા છે. ઉલ્લેખનીય છે કે, ૩૧ માર્ચ ૨૦૨૫ સુધીમાં ટોરેન્ટ ગ્રુપની બજાર મૂડી ૨૧.૫ અબજ ડોલરથી વધુ નોંધાઈ છે. વર્ષ ૨૦૨૪માં શ્રી યુ.એન. મહેતાની જન્મ શતાબ્દીના સન્માનમાં, મહેતા પરિવારે યુ.એન.એમ. ફાઉન્ડેશનને ૫ વર્ષ દરમિયાન રૂ.૫૦૦૦ કરોડનું દાન આપવાની જાહેરાત કરી હતી. તેનો હેતુ સમાજના દરેક વર્ગની વ્યક્તિના આરોગ્ય સંભાળ, શિક્ષણ અને જ્ઞાન વૃદ્ધિ, ઈકોલૉજી, સામાજિક સુખાકારી, કલા અને સંસ્કૃતિ અને અન્ય ક્ષેત્રોમાં વંચિતોને લાભ આપવાનો છે. યુ. એન. મહેતાનું અદ્ભુત જીવન એવા લોકો માટે આશાનું કિરણ સમાન છે જેમણે જીવનની બધી આશા ગુમાવી દીધી છે. વાઈબ્રન્ટ ગુજરાત રિજનલ કોન્ફરન્સિસની પહેલ દ્વારા ગુજરાત સરકાર એ બાબત પર ભાર મૂકે છે કે યુ.એન. મહેતા જેવા સ્વપ્રદ્રષ્ટા આગેવાન કેવી રીતે પ્રાદેશિક અર્થતંત્રને બદલી શકે છે અને દ્રઢ નિશ્ચય દ્વારા સમાવિષ્ટ વિકાસને પ્રોત્સાહન આપી શકે છે.

---

## બ્લોકના કારણે ૮ અને ૯ ઑક્ટોબરની પોરબંદર-શાલીમાર એક્સપ્રેસ ટ્રેન પ્રભાવિત

દક્ષિણ પૂર્વ રેલવેના ખડગપુર મંડળમાં કોલાઘાટ સ્ટેશન ખાતે યાર્ડ રીમોડેલિંગ કામ માટે ૦૨ ઑક્ટોબરથી ૧૨ ઑક્ટોબર, ૨૦૨૫ સુધી વિવિધ તબક્કામાં NI કાર્યક્રમ આયોજન કરવામાં આવ્યું છે. ઉપરાંત ૧૩ ઑક્ટોબર, ૨૦૨૫ના રોજ ૪ કલાકનો સંપૂર્ણ બ્લોક લઈને કાર્ય કરવામાં આવશે. આ કાર્યને કારણે પશ્ચિમ રેલવે, ભાવનગર મંડળથી સંચાલિત પોરબંદર-શાલીમાર એક્સપ્રેસ ટ્રેન (૧૨૯૦૫) પ્રભાવિત થશે. ભાવનગર મંડળના સિનિયર ડિવિઝનલ કોમર્શિયલ મેનેજર શ્રી અતુલ કુમાર ત્રિપાઠીના જણાવ્યા અનુસાર વિગતવાર માહિતી આ પ્રમાણે છે:

૧. ૮ ઑક્ટોબર, ૨૦૨૫ના રોજ પોરબંદરથી પ્રસ્થાન કરનાર પોરબંદર-શાલીમાર એક્સપ્રેસ (૧૨૯૦૫) તેના નિર્ધારિત સમયથી ૭૫ મિનિટ મોડી જશે.

૨. ૯ ઑક્ટોબર, ૨૦૨૫ના રોજ પોરબંદરથી પ્રસ્થાન કરનાર પોરબંદર-શાલીમાર એક્સપ્રેસ (૧૨૯૦૫) તેના નિર્ધારિત સમયથી ૩ કલાક મોડી જશે.

મુસાફરોને વિનંતી છે કે તેઓ પોતાની મુસાફરી પહેલાં સંબંધિત ટ્રેનોના સમયની માહિતી જરૂર મેળવી લે જેથી કરીને તેમને કોઈ અસુવિધાનો સામનો ન કરવો પડે.

---

## ૬ થી ૯ ઑક્ટોબર સુધી ગોઝારીયા સ્થિત રેલવે ફાટક ન. ૭૮ બંધ રહેશે

પશ્ચિમ રેલવેના અમદાવાદ મંડળ પર મહેસાણા – ગોઝારીયા હાઈવેની વચ્ચે ગોઝારીયા સ્થિત રેલવે ફાટક ન. ૭૮ આંબલિયાસન-વિજાપુર રેલવે લાઈન ગેજ પરિવર્તન પરિયોજના ના અંતર્ગત ચેક રેલ અને રોડ અલાઈન્મેન્ટ પર ડામર કાર્ય ના કારણે ૬ ઓક્ટોબર ૨૦૨૫ થી ૯ ઓક્ટોબર ૨૦૨૫ સુધી (૪ દિવસ) બંધ રહેશે.

સડક ઉપયોગકર્તા આ સમય દરમ્યાન ગાંધીનગર-ગોઝારીયા-વિસનગર હાઈવે સ્થિત રેલવે ફાટક ન. ૭૭ થી અવર-જવર કરી શકે છે.

---

અત્યંત સનસનાટીભરી ઘટના સામે આવી

## ઓલપાડના પરિયા ગામની સીમમાં યુવતીની ઘાતકી હત્યા

(સંપૂર્ણ સમાચાર સેવા)સુરત

સુરતના ઓલપાડ તાલુકામાં એક અત્યંત સનસનાટીભરી ઘટના સામે આવી છે. જ્યાં પરિયા ગામની સીમમાંથી આશરે ૨૫ વર્ષીય અજાણી યુવતીની ઘાતકી હત્યા કરેલી લાશ મળી આવી છે. આ બનાવથી સમગ્ર વિસ્તારમાં ચકચાર મચી ગઈ છે. આ યુવતીનું તીક્ષ્ણ હથિયારથી ગળું કાપીને હત્યા કરવામાં આવી છે. હત્યા કર્યા બાદ હત્યારો ઘટનાસ્થળેથી ફરાર થઈ ગયો હતો. યુવતીની હત્યા અત્યંત ઘાતકી રીતે કરવામાં આવી હોવાથી બનાવની ગંભીરતા વધી જાય છે. આ મૃતદેહની જાણ સેગવા ગામના એક ખેડૂત દ્વારા પોલીસને કરવામાં આવી હતી. ઘટનાની જાણ થતાં જ ઓલપાડ પોલીસ અને સુરત ગ્રામ્ય લોકલ ક્રાઈમ બ્રાન્ચની ટીમ તાત્કાલિક પરિયા ગામની સીમમાં દોડી આવી હતી. પોલીસે મૃતદેહને પોસ્ટમોર્ટમ અર્થે મોકલી આપ્યો છે. પોલીસે હાલમાં મૃતક યુવતીની ઓળખ કરવા માટે યુદ્ધના ધોરણે તજવીજ હાથ ધરી છે.

આશરે ૨૫ વર્ષીય યુવતીની ઓળખ થયા બાદ જ હત્યાના કારણો અને હત્યારા સુધી પહોંચી શકાશે. પોલીસે હત્યાનો ગુનો નોંધીને આસપાસના વિસ્તારના સીસીટીવી ફૂટેજ ચકાસવા અને યુવતી ગુમ થયાની કોઈ ફરિયાદ નોંધાઈ છે કે કેમ તેની તપાસ શરૂ કરી છે. સમાજમાં ચાલતી આંતરિક માથાકૂટ કે અન્ય કોઈ કારણોસર આ કૃત્ય થયું છે તે દિશામાં પણ પોલીસ તપાસ કરી રહી છે.

---

ગ્રામજનોએ આખરે શાળાને તાળું મારીને વિરોધ પ્રદર્શિત કર્યો

## ડીસાના પમરું ગામે આચાર્યની નિમણૂક ન થતાં ગ્રામજનોમાં આક્રોશ જોવાયો

(સંપૂર્ણ સમાચાર સેવા)બનાસકાંઠા

બનાસકાંઠાના ડીસા તાલુકાના પમરું ગામે શિક્ષણ વિભાગ સામે ગ્રામજનોનો ઉગ્ર રોષ જોવા મળ્યો છે. છેલ્લા છ માસથી શાળામાં કાયમી આચાર્યની નિમણૂક ન થતાં રોષે ભરાયેલા ગ્રામજનોએ આખરે શાળાને તાળું મારીને વિરોધ પ્રદર્શિત કર્યો છે. સ્થાનિક ગ્રામજનો અને વાલીઓ દ્વારા આચાર્યની નિમણૂક માટે શિક્ષણ વિભાગમાં અનેકવાર રજૂઆતો કરવામાં આવી હતી. તેમ છતાં કોઈ ઉકેલ આવ્યો ન હતો. આચાર્ય વિના શાળાનું વહીવટી અને શૈક્ષણિક કાર્ય ખોરવાઈ જતું હોવાથી બાળકોના ભવિષ્ય પર અસર પડી રહી છે. શિક્ષણ વિભાગની આ ગંભીર બેદરકારી સામે અવાજ ઉઠાવવા માટે વાલીઓએ સામૂહિક રીતે શાળાના મુખ્ય ગેટને તાળું મારી દીધું હતું. આ તાળાબંધીને કારણે શિક્ષકોને અને વિદ્યાર્થીઓને ગેટની બહાર ઊભા રહેવાની ફરજ પડી હતી. પમરું ગામની આ ઘટના ગુજરાતના અન્ય જિલ્લાઓ જેમ કે વાવ અને થરાદ બાદ હવે બનાસકાંઠામાં પણ શિક્ષણ વિભાગની ઢીલી નીતિની નરવી વાસ્તવિકતા સામે લાવી છે. ગ્રામજનો અને વાલીઓ તેમની માંગણી પર મક્કમ છે. તેમણે સ્પષ્ટ જણાવ્યું છે કે જ્યાં સુધી શાળામાં કાયમી આચાર્યની નિમણૂક નહીં કરવામાં આવે ત્યાં સુધી તાળાબંધી ચાલુ રહેશે. વાલીઓએ માગણી કરી છે કે શિક્ષણ વિભાગ તાત્કાલિક આ બાબતે ગંભીરતા દાખવીને ગામના બાળકોનું શિક્ષણ કાર્ય પૂર્વવત્ કરાવે.

---

## ૫ અને ૬ ઑક્ટોબરના રોજ ચાલશે સાબરમતી-ગુડગાંવ અને મુંબઈ સેન્ટ્રલ-સાબરમતી વંદેભારત વન-વે સ્પેશિયલ ટ્રેન

પશ્ચિમ રેલવે દ્વારા મુસાફરોની સુવિધા અને તેમની યાત્રાની માંગને પૂરી કરવા માટે સાબરમતી-ગુડગાંવ અને મુંબઈ સેન્ટ્રલ-સાબરમતી વચ્ચે વિશેષ ભાડા પર વંદેભારત સુપરફાસ્ટ વન-વે સ્પેશિયલ ચલાવવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. આ ટ્રેનની વિગતો નીચે મુજબ છે:

ટ્રેન સંખ્યા ૦૯૪૦૧ સાબરમતી-ગુડગાંવ વંદેભારત સુપરફાસ્ટ વન-વે સ્પેશિયલ ચ૦૨ ફેરા]

ટ્રેન સંખ્યા ૦૯૪૦૧ સાબરમતી-ગુડગાંવ વંદેભારત સ્પેશિયલ ૫ અને ૬ ઓક્ટોબર ૨૦૨૫ના રોજ સાબરમતીથી ૧૭.૩૦ વાગ્યે પ્રસ્થાન કરશે બીજાં દિવસે ૦૮.૨૫ વાગ્યે ગુડગાંવ પહોંચશે.

માર્ગમાં આ ટ્રેન મહેસાણા, પાલનપુર, આબુરોડ, મરવાડ જં., અજમેર, જયપુર, અલવર, અને રેવાડી સ્ટેશનો પર રોકશે. આ ટ્રેનમાં એસી ચેર કાર અને એક્સિક્યુટિવ ચેર કાર શ્રેણીના કોચ રહેશે.

ટ્રેન સંખ્યા ૦૯૧૫૩ મુંબઈ સેન્ટ્રલ–સાબરમતી વંદેભારત સુપરફાસ્ટ વન-વે સ્પેશિયલ ચ૦૨ ફેરા]

ટ્રેન નંબર ૦૯૧૫૩ મુંબઈ સેન્ટ્રલ–સાબરમતી વંદેભારત સ્પેશિયલ ૫ અને ૬ ઑક્ટોબર, ૨૦૨૫ના રોજ મુંબઈ સેન્ટ્રલથી ૧૦.૩૦ વાગ્યે પ્રસ્થાન કરશે અને તે જ દિવસે ૧૭.૨૦ વાગ્યે સાબરમતી પહોંચશે.

માર્ગમાં આ ટ્રેન બોરીવલી, વાપી, સુરત અને વડોદરા સ્ટેશનો પર રોકાશે.આ ટ્રેનમાં એ.સી. ચેર કાર અને એગ્ઝિક્યુટિવ ચેર કાર શ્રેણીના કોચ રહેશે.

ટ્રેન સંખ્યા ૦૯૪૦૧ અને ૦૯૧૫૩નું બુકિંગ તમામ પી.આર.એસ. કાઉન્ટરો અને આઈ.આર.સી.ટી.સી. વેબસાઈટ પર શરૂ થઈ ગયુ છે. ટ્રેનના સ્ટોપેજ, સમય અને સંરચના વિશે વિગતવાર માહિતી માટે મુસાફરો કૃપા કરીને www.enquiry.indianrail.gov.in પર મુલાકાત લઈ શકે છે.


# નવસર્જન સંસ્કૃતિ



નવસર્જન સંસ્કૃતિ

એક શુભેચ્છક


RNI No. GUJGUJ/2016/70752 Printed, Published & Owned by RAGINI JIGNESHKUMAR VAGHELA and Printed By (1) JIGNESH RASHIKBHAI GAJJAR at Vansh Corporation, A/8, Shayona Golden Estate, Shahibag, Ahmedabad - 380 004 (2) DESAI RAHUL MAHESHBHAI at Bhavani Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002. (3) HADIK MAHESHBHAI DESAI at Bhoomi Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002 and Published from B/13, Sneh Plaza Shopping Center, I.O.C. Road, Chandkheda, Ahmedabad - 382 424. Editor : RAGINI JIGNESHKUMAR VAGHELA

## પંડિત શ્યામજી કૃષ્ણ વર્માની ૧૬૭મી જન્મજયંતિ નિમીત્તે વિધાનસભા અધ્યક્ષ શ્રી શંકરભાઈ ચૌધરીએ ગુજરાત વિધાનસભા પોડિયમ ખાતે તેમના તૈલચિત્રને પુષ્પાંજલિ અર્પણ કરી






વિદેશમાં રહીને ભારતની આઝાદીના ચળવળમાં પોતાનું અમુલ્ય યોગદાન આપનાર સ્વાતંત્ર્ય સેનાની પંડિત શ્યામજી કૃષ્ણ વર્માની ૧૬૭મી જન્મજયંતિ નિમીત્તે વિધાનસભા અધ્યક્ષ શ્રી શંકરભાઈ ચૌધરીએ વિધાનસભા પોડિયમ ખાતે આવેલા તેમના તૈલચિત્રને પુષ્પાંજલિ અર્પણ કરી હતી.

વિધાનસભા અધ્યક્ષ શ્રી શંકરભાઈ ચૌધરીએ પુષ્પાંજલિ અર્પણ કરતાં જણાવ્યું હતું કે, પંડિત શ્યામજી કૃષ્ણ વર્માએ વિદેશમાં રહીને ભારતની આઝાદીમાં પોતાનું અમુલ્ય યોગદાન આપ્યું હતું. તેમનું સ્વપ્ન હતું કે, તેમના અસ્થીઓને ભારતમાં લઈ જવામાં આવે. તેમના મૃત્યુ બાદ તેમના અસ્થિઓને જિનીવા ખાતે સુરક્ષિત રાખવામાં આવ્યા હતા. ગુજરાતના પૂર્વ મુખ્યમંત્રી અને દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ સ્વિત્ઝરલેન્ડથી તેમના અસ્થિને દેશમાં લાવી તેમના અંતિમ સ્વપ્નને સાકાર કર્યું હતું. આ વેળાએ ગુજરાત વિધાનસભાના સચિવ શ્રી ચેતન પંડ્યા, સંયુક્ત સચિવ શ્રીમતી રીટાબહેન મહેતા, વિધાનસભાના અન્ય અધિકારીશ્રીઓ, કર્મચારીશ્રીઓ સહિત આદર્શ નિવાસી શાળાના વિદ્યાર્થીઓએ પણ શ્રદ્ધાસુમન પાઠવ્યા હતા.

- ઋચા રાવલ

## રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ ભુજ વાયુસેના ખાતે યોજાયેલ શસ્ત્ર પ્રદર્શનની મુલાકાત લીધી

રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતએ આજ રોજ ભુજ વાયુસેના ખાતે યોજાયેલા શસ્ત્ર પ્રદર્શનની મુલાકાત લીધી હતી. રાજ્યપાલશ્રીએ વાયુસેનાની ઓપરેશનલ ક્ષમતા અને કૌશલ્યના પ્રદર્શન સાથે અનેકવિધ સાધનોની પ્રદર્શનીનું વિહંગાવલોકન કર્યું હતું. આ સાથે ઓપરેશન સિંદૂરમાં ઉપયોગમાં લેવાયેલા વાયુસેનાના શસ્ત્રો વિશે સમજ મેળવી હતી. રાજ્યપાલશ્રીએ "Know your forces"ના હેતુથી યોજવામા આવેલા વાયુસેનાના શસ્ત્ર પ્રદર્શનમાં ફાઈટર ઍરક્રાફટ, જમીનથી હવામાં દુશ્મનોના ઍરક્રાફટ અને ડ્રોનને તોડી પાડનારા વિવિધ મિસાઈલ, રોહિણી રડાર સિસ્ટમ અને એરફોર્સની ગરુડ સ્પેશિયલ ફોર્સના શસ્ત્રોની વિશેષતાઓ વિશે સમજ મેળવી હતી. રાજ્યપાલશ્રીએ એરફોર્સ સ્ટેશન ભુજના એર કોમોડોરશ્રી કે. પી. એસ. ધામ પાસેથી વાયુસેનાની કામગીરી અને તેના સાધનો વિશે વિગતવાર માહિતી મેળવી હતી.આ મુલાકાત દરમિયાન કચ્છ કલેક્ટરશ્રી આનંદ પટેલ, જિલ્લા વિકાસ અધિકારીશ્રી ઉત્સવ ગૌતમ, પશ્ચિમ કચ્છ પોલીસ અધિક્ષકશ્રી વિકાસ સુંડા, ભુજ પ્રાંત અધિકારીશ્રી અનિલ જાદવ, અંજાર પ્રાંત અધિકારીશ્રી સુરેશ ચૌધરી, ભુજ એરફોર્સ સ્ટેશનના ચીફ એડમીન ઓફિસર આર. કે. યાદવ સહિત એરફોર્સ સ્ટેશનના ઉચ્ચ અધિકારીશ્રીઓ, વાયુસેનાના જવાનો, નિવૃતિ સૈનિકો ઉપસ્થિત રહ્યાં હતાં. જવાનોના પરિવારજનો, એનસીસી કેડરર્સ, વિદ્યાર્થીઓ તથા મોટી સંખ્યામાં નાગરિકોએ આ પ્રદર્શન નિહાળ્યું હતું.

### રમણલાલ વોરા, હર્ષ સંઘવી, જયેશ રાદડીયા, શંકર ચૌધરી સહિતની કરાઈ બાદબાકી

## ગુજરાત ભાજપની કમાન જગદીશ વિશ્વકર્માને સોંપાઈ: નિતીન પટેલ સહિત ૩૯ સભ્યોનો રાષ્ટ્રીય પરીષદમાં સમાવેશ

પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ

ગુજરાત ભાજપના પ્રદેશ પ્રમુખ પદે ધારાસભ્ય અને રાજય કક્ષાના મંત્રી જગદીશ પંચાલની નિમણુંક કરવામાં આવી છે, શુક્રવારે કમલમમાં બપોરે વિજય મુહુર્તમાં ૧૦ ટેકેદારો સાથે જગદીશ પંચાલે ફોર્મ ભર્યુ હતું. સર્વાનુમતે એક જ ફોર્મ ભરાતા જગદીશ પંચાલ ભાજપના પ્રદેશ પ્રમુખ બન્યા હતા. આજે શનિવારે કેન્દ્રીય નિરીક્ષકોની હાજરીમાં જગદીશ પંચાલની ભાજપના પ્રદેશ પ્રમુખ તરીકે સત્તાવાર જાહેરાત કરવામાં આવી હતી. આ સાથે ૩૯ સભ્ય પાર્ટીના રાષ્ટ્રીય પરીષદના સભ્ય નિયુકત કરવામાં આવ્યા છે. જેમાં પૂર્વ અધ્યક્ષ રમણલાલ વોરા, ગૃહમંત્રી હર્ષ સંઘવી, પૂર્વ મંત્રી જયેશ રાદડીયા તેમજ શંકર ચૌધરીની બાદબાકી કરાતા નારાજગી જોવા મળી હતી, રાજયમાં મંડળથી પ્રદેશ ની રચનામાં ગુજરાતમાં સંગઠનનુ સાતત્ય રહ્યુ છે, સંગઠનની સાત્વિકતા રહી છે અને ગુજરાત એ એક એવુ ઉદાહરણ બન્યુ છે જયાં સરકાર છેલ્લા ૩ દાયકાથી સંગઠન અને સરકારનુ મોડલ તૈયાર કર્યુ છે.



૩૯ સભ્યોનો રાષ્ટ્રીય પરીષદમાં સમાવેશ કરવામાં આવ્યો છે જેમાં (૧) અમિત શાહ કેન્દ્રીય ગૃહમંત્રી (૨) સીઆર પાટીલ કેન્દ્રીય જળશકિત મંત્રી (૩) ભુપેન્દ્ર પટેલ મુખ્યમંત્રી (૪) વજુભાઈવાળા (૫) રાજેન્દ્ર રાણા (૬) પુરુષોત્તમ સોલંકી (૭) આર સી ફળદુ (૮) જીતુ વાઘાણી (૯) ભુપેન્દ્ર ચુડાસમા (૧૦) નિતીન પટેલ (૧૧) મનસુખ માંડવીયા (૧૨) નિમુબેન બાંભણીયા (૧૩) વિનોદ ચાવડા (૧૪) દિલીપ સંઘાણી (૧૫) રામસિંહ રાઠવા (૧૬) જયસિંહ ચૌહાણ (૧૭) જશવંત ભાભોર (૧૮) રજની પટેલ (૧૯) જગદીશ પટેલ (૨૦) શંભુપ્રસાદ ટુંડીયા (૨૧) કનુ દેસાઈ (૨૨) ગણપત વસાવા (૨૩) હસમુખ પટેલ (૨૪) દિનેશ અનાવાડીયા (૨૫) વાસણ આહીર (૨૬) દિલીપ ઠાકોર (૨૭) ડો. માયા કોડનાની (૨૮) અમી પારીખ (૨૯) રંજનાબેન ભટ્ટ (૩૦) દર્શના જરદોષ (૩૧) રતનસિંહ રાઠોડ (૩૨) ગીતાબેન રાઠવા (૩૩) કિરીટ સોલંકી (૩૪ ) બાબુ બોખીરીયા (૩૫) વેલજીભાઈ વસાણી (૩૬) પ્રકાશ સોની (૩૭) ભરતસિંહ પરમાર (૩૮) અંબાલાલ રોહિત (૩૯) દિલીપ એમ પટેલ

કેન્દ્રીય મંત્રી સીઆર પાટીલે કહ્યુ હતુ કે એક મેન્ડેટ પ્રથા આવી કેટલાક લોકોને ન ગમ્યુ, કોંગ્રેસ સાથે ગઠબંધન કરવાવાળાઓ એ અપ્રચાર કર્યો કે આ મેન્ડેટ પ્રથા કાઢી નાખવી જોઈએ, ધારાસભ્યને શા માટે મેન્ડેટ આપવો જોઈએ, સાંસદ શા માટે મેન્ડેટ આપવો જોઈએ, જે જીતીને આવે તે આપણો, ભાજપ સંગઠન શિસ્ત સાથે બંધાયેલુ છે, જયારે ચુંટણી લડતો હોય, સહકારી ક્ષેત્રનો હોય તે શિસ્તની દ્રષ્ટીએ મેન્ડેટ દ્વારા લડાવવુ જોઈએ કે પાર્ટી ઈચ્છે તે જ લડે,

મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે કહ્યુ હતુ કે અત્યારે નવનિયુકત અધ્યક્ષ જગદીશ વિશ્વકર્માને શુભેચ્છા પાઠવુ છુ, નવનિયુકત અધ્યક્ષનો જોમ અને જુસ્સો આપણે જોયો છે, આપણે પ્રાર્થના કરીએ કે આ જોમ અને જુસ્સો સૌ કાર્યકર્તાના બળે સતત આવોને આવો રહે, વડાપ્રધાન હંમેશા ટેકનોલોજી ઉપર ભાર મુકયો છે અને ટેકનોલોજીના આધારે ખુબ સારી રીતે આગળ વધાય, દેશ અને દુનિયાની સાથે કદમ થી કદમ મીલાવવા માટે ટેકનોલોજીનો ઉપયોગ જરૂરી છે. પૂર્વ પ્રદેશ અધ્યક્ષ સીઆર પાટીલે આપણી પાર્ટી ભાજપ પર ટેકનોલોજીનો ઉપયોગ સારી રીતે કર્યો, જગદીશભાઈ પણ ટેકનોસેવી છે અને તેનો વધુમાં વધુ ઉપયોગ કરી સારા મુકાન સુધી પહોચી શકાય તેવો ઉપયોગ કરશે.

## ગુજરાત ભાજપમાં પાટીલ યુગ પુરો : તેમના ખાસ ધારાસભ્ય સંદિપ દેસાઈ અને સંગીતા પાટીલનુ શું થશે?

પ્રતિનિધિ,ગાંધીનગર

ભારતીય જનતા પાર્ટી ગુજરાતના પ્રદેશ પ્રમુખ તરીકે જગદીશ પંચાલે પદ સંભાળી લીધુ છે, સીઆર પાટીલના પ્રદેશ પ્રમુખ તરીકે ૫ થી વધુ વરસ પુર્ણ થયા હવે ગુજરાત ભારતીય જનતા પાર્ટીમાં પાટીલ યુગનો અંત થયો, આખા ગુજરાતમાં જે તેમનો દબદબો હતો તે હવે ખતમ થઈ ગયો છે, જો કે તેઓ હાલ કેન્દ્રમાં જળશકિત મંત્રી છે, બિહાર ચુંટણીના સહપ્રભારી પણ છે, એટલે હવે તેઓ કેન્દ્રના રાજકારણમાં સક્રિય છે અને રહેશે, જો કે સુરત અને દક્ષિણ ગુજરાતમાં આજે પણ તેઓ સૌથી પાવરફુલ નેતા તરીકે ગણાય છે,




સુરતના ભાજપ પ્રમુખ પરેશ પટેલ તેમના ખાસ માણસ છે, પરંતુ હવે પાટીલની ઉંમર ૭૦ વરસની થઈ છે, આગામી લોકસભાની ચુંટણી સુધી તેમની ઉંમર પણ ૭૫ વરસની થઈ જશે. એટલે કે આનંદીબેન પટેલની જેમ ભાજપમાં માર્ગદર્શક મંડળમાં જવાની કે ગર્વનર બનવાની ઉંમર નજીક છે, તો શું આગામી ૪ વરસમાં સુરત અને દક્ષિણ ગુજરાતમાંથી પણ પાટીલ યુગનો અંત થઈ જશે ? કહેવાય છે કે તેમના દિકરા જિગ્નેશ પાટીલને ચુંટણીલક્ષી રાજકારણમાં એન્ટ્રી કરાવવાની તૈયારી થઈ રહી છે, આ ઉપરાંત તેમના સૌથી વિશ્વાસુ અને ખાસ ગણાતા છોટુભાઈ પાટીલ પણ ચુંટણી લડે તેવુ કહેવાય રહ્યુ છે. બંનેને આગામી સુરત મહાનગરપાલિકાની ચુંટણીમાં લડાવાય તો નવાઈ નહી, પરંતુ આ તો હજુ પ્લાનીંગ છે, પરંતુ હાલમાં પણ ગુજરાતના રાજકારણમાં તેમની તાકાત જળવાઈ રહે તે માટે બે સૈનિકો તેમની પાસે છે, એક તો છે સંગીતા પાટીલ જે સુરતમાં લીંબાયત વિધાનસભામાંથી ધારાસભ્ય છે તેઓ ત્રીજી વારના ધારાસભ્ય છે એટલે તેમને સીનીયર ધારાસભ્ય કહી શકાય, જાણકારો કહે છે કે હવે જયારે સીઆર પાટીલ ગુજરાતના પ્રાદેશિક રાજકારણમાંથી દુર થયા છે ત્યારે તેમના સૈનિક ગણાતા સંગીતા પાટીલની શકિત વધે તેવા પ્રયત્નો થઈ રહ્યા છે. આગામી સમયમાં ગુજરાત સરકારમાં ફેરફારો થવાના છે. સરકારમાં જે ફેરફારો થશે તેમાં સંગીતા પાટીલને કોઈ મંત્રી પદ મળે તેવી શકયતા છે. આ માટે પાટીલ પ્રયત્નો કરે તે સ્વભાવિક છે.

આ ઉપરાંત બીજા સૈનિક છે સંદિપ દેસાઈ તેઓ ચોર્યાસી વિધાનસભા સીટ પર થી પહેલીવાર ધારાસભ્ય બન્યા છે, સુત્રો કહે છે કે દક્ષિણ ગુજરાતના રાજકારણમાં જો કોઈ નેતા ખુબ જ ઝડપથી આગળ આવ્યા હોય તો તે છે સંદિપ દેસાઈ, તેઓ સુરત જિલ્લાના રાજકારણમાંથી સુરત શહેરમાં હવે એક શકિતશાળી નેતા તરીકે ધીરે ધીરે સ્થાપિત થઈ રહ્યા છે, તેઓ સહકારી ક્ષેત્રના પણ ઉંડા ખેલાડી છે. એટલે સુરતમાંથી ગુજરાત મંત્રી મંડળમાં કોઈ પદ મળે તો તેમાં સંદિપ દેસાઈની લાયકાત સૌથી વધારે હોવાનુ કહેવાઈ રહ્યુ છે. લાયકાત હોવા ઉપરાંત સીઆર પાટીલના પણ ખાસમાં ખાસ હોવાથી તેમના મંત્રી પદ મળે તેવા પ્રયત્નો કરાઈ રહ્યા હોવાની જાણકારી મળી રહી છે. જો આ બંનેમાંથી કોઈ એકને પણ મંત્રી પદ મળે તો સીઆર પાટીલની તાકાત રાજયના રાજકારણમાં પણ કેટલેક અંશે ટકી રહેશે. એવુ નકકી થઈ જશે કે ભલે તેઓ પ્રદેશના અધ્યક્ષ નથી રહ્યા પરંતુ આજે પણ તેમની પાસે તેમના ખાસ લોકોને મંત્રી પદ અપાવવાની તાકાત છે.

### ખેડૂતોના હિત માટે પ્રયત્નશીલ રહી સતત માર્ગદર્શન આપતા મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલનો પણ કૃષિ મંત્રીશ્રીએ આભાર વ્યક્ત કર્યો

## રવિ પાકોનું વાવેતર શરુ થાય તે પહેલા જ વર્ષ ૨૦૨૬-૨૭ માટે ઘઉં, જવ, ચણા, મસૂર, રાયડો અને કસુંબીના ટેકાના ભાવ જાહેર

**ખેડૂતોને તેમની ઉપજના પોષણક્ષમ ભાવ મળી રહે તે માટે ભારત સરકારે ગત વર્ષની સરખામણીએ ટેકાના ભાવમાં ૪ થી ૧૦ ટકાનો વધારો કર્યો**

ધરતીપુત્રોના હિતને વરેલી ભારત સરકારે વર્ષ ૨૦૨૬-૨૭માં રવિ પાકોની ખરીદી માટે ટેકાના ભાવની જાહેરાત કરી છે. ખેડૂતોને આર્થિક સુરક્ષા આપવા તેમજ તેમની ખેત પેદાશોના પોષણક્ષમ ભાવ મળી રહે તે માટે ટેકાના ભાવમાં ગત વર્ષની સરખામણીએ સરેરાશ ૪ થી ૧૦ ટકા જેટલો વધારો કરવામાં આવ્યો છે. જેમાં સૌથી વધુ કસુંબીના ભાવમાં રૂ. ૬૦૦ પ્રતિ ક્વિન્ટલ, જ્યારે રાજ્યના મુખ્ય પાક ઘઉંમાં રૂ. ૧૬૦ પ્રતિ ક્વિ., ચણામાં રૂ. ૨૨૫ પ્રતિ ક્વિ. અને રાયડામાં રૂ. ૨૫૦ પ્રતિ ક્વિ. જેટલો વધારો કરાયો છે.

રાજ્યમાં ઘઉં, જવ, ચણા, મસૂર, રાયડો અને કસુંબી જેવા રવિ પાકોના વાવેતરની શરૂઆત થાય તે પહેલાં જ ભારત સરકાર દ્વારા ટેકાના ભાવ જાહેર કરાતા ખેડૂતો હવે પોતાના પાકને મળનારા ભાવને ધ્યાને રાખી વાવેતર કરી શકશે.

આટલા ટૂંકા ગાળામાં જ ટેકાના ભાવોની જાહેરાત કરવા બદલ કૃષિ મંત્રી શ્રી રાઘવજી પટેલે રાજ્ય સરકાર તેમજ ગુજરાતના ખેડૂતો વતી આર્થિક બાબતોની કેબિનેટ કમિટીના અધ્યક્ષ અને વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી તેમજ કેન્દ્રીય કૃષિ મંત્રી શ્રી શિવરાજસિંહ ચૌહાણનો આભાર વ્યક્ત કર્યો છે. આ ઉપરાંત ખેડૂતોના હિત માટે માટે પ્રયત્નશીલ રહી સતત માર્ગદર્શન આપતા મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલનો પણ તેમણે આભાર વ્યક્ત કર્યો છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, ભારત સરકાર દ્વારા દર વર્ષે ખરીફ અને રવિ પાકો માટે વાવેતર પહેલાં ટેકાના ભાવ જાહેર કરવામાં આવે છે, જેથી ખેડૂત મિત્રો આગોતરું આયોજન કરી શકે. વર્ષ ૨૦૨૬-૨૭માં ટેકાના ભાવની પોલીસી અંતર્ગત સમાવિષ્ટ ઘઉં માટે રૂ. ૨,૫૮૫ પ્રતિ ક્વિ. (રૂ. ૫૧૭ પ્રતિ મણ), જવ માટે રૂ. ૨,૧૫૦ પ્રતિ ક્વિ. (રૂ. ૪૩૦ પ્રતિ મણ), ચણા માટે રૂ. ૫,૮૭૫ પ્રતિ ક્વિ. (રૂ. ૧,૧૭૫ પ્રતિ મણ), મસૂર માટે રૂ. ૭,૦૦૦ પ્રતિ ક્વિ. (રૂ. ૧,૪૦૦ પ્રતિ મણ), રાયડા માટે રૂ. ૬,૨૦૦ પ્રતિ ક્વિ. (રૂ. ૧,૨૪૦ પ્રતિ મણ) અને કસુંબી માટે રૂ. ૬,૫૪૦ પ્રતિ ક્વિ. (રૂ. ૧,૩૦૮ પ્રતિ મણ) ભાવ જાહેર કરવામાં આવ્યો છે.

આમ, વર્ષ ૨૦૨૪-૨૫ની સરખામણીએ વર્ષ ૨૦૨૫-૨૬માં જુદા-જુદા રવિ પાકો હેઠળ રૂ. ૧૬૦ થી રૂ. ૬૦૦ પ્રતિ ક્વિ.નો વધારો કરવામાં આવ્યો છે.

નિતિન રથવી

### એશિયાઈ સિંહ અને ખેડૂતોના હિતમાં મહત્વનો નિર્ણય

## ખેતરમાં બનાવવામાં આવતા મંચાણ-મેડા સહાયમાં ૧૨૨ ટકાનો તેમજ ખુલ્લા કૂવાના ફરતે પેરાપીટ વોલની સહાયમાં ૪૦ ટકાનો વધારો

વન અને પર્યાવરણ મંત્રી શ્રી મુળુભાઈ બેરા તેમજ રાજ્ય મંત્રી શ્રી મુકેશભાઈ પટેલના માર્ગદર્શનમાં માનવ-વન્યજીવ ઘર્ષણની ઘટનામાં ઘટાડો થાય તેવા ઉદેશ સાથે ખેડૂતો અને સિંહોના હિતમાં ખેતરમાં બનાવવામાં આવતા મંચાણ-મેડા સહાયમાં નોંધપાત્ર ૧૨૨ ટકાનો તેમજ ખુલ્લા કૂવાના ફરતે પેરાપીટ વોલની સહાયમાં ૪૦ ટકાનો વધારો કરવાનો મહત્વનો નિર્ણય કરાયો છે. આ વિસ્તારના ખડૂતોના ખેતરમાં બનવામાં આવતા મંચાણમાં સહાય આપવાની યોજના રાજ્ય સરકાર દ્વારા વર્ષ ૨૦૧૮થી અમલી બનાવવામાં આવી છે તેમ, વન અને પર્યાવરણની વિભાગની યાદીમાં જણાવાયું છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં વન્યજીવ સંરક્ષણ, સંવર્ધન પ્રત્યેની સકારાત્મક નીતિ તેમજ સ્થાનિક નાગરિકોના સહકારને પરિણામે એકમાત્ર ગુજરાતમાં અસ્તિત્વ ધરાવતા રાષ્ટ્રની શાન સમાન એશિયાઈ સિંહો સહિત વન્યજીવોની વસ્તીમાં ઉત્તરોતર વધારો થઈ રહ્યો છે. આ પ્રયાસોના પરિણામે સિંહોની અવર-જવર ગીર-બૃહદગીર વિસ્તાર તથા રેવન્યુ વિસ્તારમાં પણ જોવા મળે છે. યાદીમાં વધુમાં જણાવ્યાનુસાર આ યોજનામાં ૭૫ ટકા રકમ સરકાર દ્વારા સબસિડી આપવામાં આવે છે જ્યારે ૨૫ ટકા રકમ લાભાર્થી-ખેડૂત દ્વારા ચૂકવવામાં આવે છે. હાલ એક મંચાણનો અંદાજિત ખર્ચ રૂ.૧૭,૩૦૦ના ૭૫ ટકા રકમ એટલે કે રૂ.૧૨,૯૭૫ની સહાય સરકાર દ્વારા આપવામાં આવતી હતી, જેમાં હવે વધારો કરી નવી જોગવાઈ મુજબ મંચાણના અંદાજિત ખર્ચ રૂ. ૩૮,૪૨૮ના ૭૫ ટકા રકમ એટલે કે રૂ.૨૮,૮૨૧ સહાય તરીકે આપવામાં આવશે. જ્યારે એક મંચાણ બનાવવાની સહાયમાં સરકાર દ્વારા લાભાર્થીને આપવામાં આવતી રૂ.૧૨,૯૭૫ની સહાયમાં વધારો કરી રૂ.૨૮,૮૨૧ કરવામાં આવ્યો છે. આમ, હાલની જોગવાઈમાં પ્રતિ મંચાણ રૂ.૧૫,૮૪૬ રકમનો સરકાર દ્વારા વધારો એટલે કે હાલની મળતી સહાયમાં ૧૨૨ ટકાનો વધારો કરવામાં આવ્યો છે.

ઉપરાંત આ વિસ્તારમાં ખેડૂતોની ખેતી પ્રત્યે જાગૃતતા આવતાં, વધુને વધુ ઉત્પાદન લેવા માટે વાવેતરના પાકોને પિયત કરવા ખેડૂતો દ્વારા તેઓના ખેતરમાં કૂવાઓ બનાવતા હોય છે. પરંતુ આ ખેડૂતો કૂવાઓની પેરાપેટ વોલ બનાવતાં નથી. જેના કારણે સિંહો શિકાર પાછળ દોડે છે ત્યારે અકસ્માતે તે આવા ખૂલ્લા કૂવામાં પડવાથી મૃત્યુ પામે છે અથવા ઈજાગ્રસ્ત થતા હોય છે. જેથી વન્યજીવોના સંરક્ષણ અર્થે ખુલ્લા કૂવાઓના પેરાપીટના બાંધકામની સહાય અંગે રાજ્ય સરકાર દ્વારા વર્ષ ૨૦૦૭ થી ખુલ્લા કૂવા ફરતે પેરાપીટ વોલ બનાવવાની યોજના અમલમાં મૂકવામાં આવી છે.

આ યોજનામાં ૯૦ ટકા રકમ સરકાર દ્વારા સબસિડી પેટે આપવામાં આવે છે તથા ૧૦ ટકા રકમ લાભાર્થી-ખેડૂતોએ આપવાની રહે છે. હાલમાં એક પેરાપીટ વોલ બનાવવાનો અંદાજિત ખર્ચ રૂ.૧૬,૦૦૦ના ૯૦ ટકા રકમ પેટે રૂ.૧૪,૪૦૦ની સહાય સરકાર દ્વારા આપવામાં આવતી હતી, જેમાં હવે વધારો કરી નવી જોગવાઈ મુજબ પેરાપીટ વોલ બનાવવાનો અંદાજિત ખર્ચ રૂ. ૨૨,૫૧૦ના ૯૦ ટકા રકમ રૂ.૨૦,૨૫૯ સહાય તરીકે આપવામાં આવશે.

જેમાં સરેરાશ ૧૦ મી. લંબાઈને ધ્યાને લઈ પેરાપીટ વોલ બનાવવાની યોજનામાં સરકાર દ્વારા લાભાર્થીને આપવામાં આવતી રૂ.૧૪,૪૦૦ની સહાયમાં વધારો કરી રૂ.૨૦,૨૫૯ કરવામાં આવી છે. આમ, હાલની જોગવાઈમાં પ્રતિ પેરાપીટ વોલ માટે રૂ. ૫,૮૫૯ની સહાયનો વધારો એટલે કે હાલની મળતી સહાયમાં ૪૦ ટકાનો વધારો કરવામાં આવ્યો છે તેમ, યાદીમાં વધુમાં જણાવાયું છે

- જનક દેસાઈ

### પશુઓની સારવાર માટે પસંદ કરાયેલા રાજ્યના ૬૨૫૪ ગામોમાં એક મુખ્ય અને બે ફોલોઅપ કેમ્પ યોજાશેઃ પશુપાલન મંત્રી શ્રી રાઘવજી પટેલ

## ગુજરાતના દૂધાળા પશુઓમાં વ્યંધત્વ ઘટાડીને દૂધ ઉત્પાદન વધારવા ‘‘ફર્ટિલિટી ઈમ્પ્રુવમેન્ટ પ્રોગ્રામ’’ અમલમાં મૂકાયો

### પ્રથમ અને બીજા તબક્કામાં કુલ ૪૭૪૫ કેમ્પો યોજી કુલ ૨.૭૦ લાખથી વધુ પશુઓને વિવિધ સારવાર અપાઈ

ગ્રામ્ય અર્થતંત્રને વધુ મજબૂત અને સમૃદ્ધ બનાવવા માટે પશુપાલન વ્યવસાય એક મહત્વનું પરિબળ પૂરવાર થઈ રહ્યો છે. આ વ્યવસાયને ટકાઉ અને વધુ નફાકારક બનાવવા પશુઓની પ્રજનન ક્ષમતા જાળવી રાખવી અત્યંત આવશ્યક છે. કારણ કે, પશુઓના ગર્ભધારણમાં ખામી કે વિલંબ થતા તેની સીધી અસર દૂધ ઉત્પાદન પર થાય છે. રાજ્યના પશુપાલકોને આ આર્થિક નુકશાનથી બચાવવા અને પશુઓના સ્વાસ્થ્યમાં વૃદ્ધિ કરવાના શુભ આશય સાથે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શન અને પશુપાલન મંત્રી શ્રી રઘવજી પટેલના નેતૃત્વ હેઠળ રાજયમાં ‘‘ફર્ટિલિટી ઈમ્પ્રુવમેન્ટ પ્રોગ્રામ (FIP)’’ અમલમાં મૂકવામાં આવ્યો છે.

પશુપાલન મંત્રી શ્રી રાઘવજી પટેલે આ સંદર્ભે જણાવ્યું હતું કે, ફર્ટિલિટી ઈમ્પ્રુવમેન્ટ પ્રોગ્રામ (FIP)ના અમલીકરણ માટે રાજ્યના કુલ ૬,૨૫૪ ગામોની પસંદગી કરવામાં આવી છે. પસંદગી કરાયેલા આ ગામની ગાય અને ભેંસોમાં વ્યંધત્વ દૂર કરી સમયસર ગર્ભધારણ થાય તે સુનિશ્ચિત કરવા માટે એક મુખ્ય કેમ્પ અને ત્યારબાદ બે ફોલોઅપ કેમ્પ યોજાશે. જેમાં ગામના વ્યંધત્વથી પિડાતા પશુઓની ઓળખ કરી તેમને સારવાર આપવામાં આવશે. ત્યારબાદ ફોલોઅપ કેમ્પ થકી આ પશુઓને ગાભણ થાય ત્યાં સુધી યોગ્ય સારવાર અને માર્ગદર્શન પૂરું પાડવામાં આવશે. આ અભિયાન અંતર્ગત દરેક ગામ દીઠ સરેરાશ ૫૦ આવા પશુઓની તપાસ અને સારવાર કરવામાં આવશે.

**ત્રણ તબક્કામાં યોજાશે FIP**

ત્રણ તબક્કામાં યોજાઈ રહેલા આ અભિયાનનો પ્રથમ તબક્કો પૂર્ણ થયો છે અને દ્વિતીય તબક્કા હેઠળ અત્યારે કેમ્પ યોજાવાની કામગીરી ચાલી રહી છે. જ્યારે તૃતીય તબક્કો આગામી ડિસેમ્બર-૨૦૨૫ થી જાન્યુઆરી-૨૦૨૬ દરમિયાન યોજાશે.

ફર્ટિલિટી ઈમ્પ્રુવમેન્ટ પ્રોગ્રામ હેઠળ અત્યાર સુધીમાં કુલ ૪,૭૪૫ સારવાર કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં આશરે ૧.૫૨ લાખથી વધુ પશુપાલકોના કુલ ૨.૭૦ લાખથી વધુ પશુઓને વિવિધ સારવાર આપવામાં આવી છે. જે પૈકી ગાભણ ન થતા હોય તેવા ૧.૯૪ લાખ પશુઓને વિશેષ જાતિય સારવાર પૂરી પાડવામાં આવી છે.

પશુઓને આપવામાં આવતી સારવાર

રાજ્ય સરકાર, દૂધ ઉત્પાદક સંઘો અને અન્ય સંસ્થાઓના માધ્યમથી ગામ દીઠ યોજાઈ રહેલા આ FIP કેમ્પમાં મુખ્યત્વે પશુઓમાં જોવા મળતી ઋતુહિનતા (ગરમીમાં ન આવવું), અવાર-નવાર ઉથલા મારવા (Repeat Breeding), ગર્ભાશયનો સોજો, ગર્ભાશયમાં પરુ, ગર્ભપાત તથા ચેપજન્ય રોગો જેવી પ્રજનનલક્ષી સમસ્યાઓની તપાસ કરવામાં આવે છે. આવી સમસ્યા ધરાવતા પશુઓને સારવાર આપીને નિદાન પછી તેમને હોર્મોનલ થેરાપી, પોષણ સુધારણા, દવાઓ તથા પશુપાલકોને વ્યવસ્થાપન સંબંધી માર્ગદર્શન પણ આપવામાં આવે છે.

**FIP: શા માટે અનિવાર્ય?**

પશુપાલન એ ગુજરાતના લાખો પરિવારો માટે જીવનરેખા છે. માત્ર સારી ઓલાદનાં પશુઓ રાખવા પૂરતું નથી, પરંતુ માદા પશુ સમયસર ગાભણ થાય અને પ્રતિ વર્ષે ઓછામાં ઓછું એક વિયાણ થાય તે પશુપાલનને નફાકારક બનાવવા માટેની ચાવી છે. સામાન્ય રીતે ગાભણ ગાય વર્ગમાં નવ માસ અને ભેંસ વર્ગમાં દસ માસને અંતે કોઈપણ પ્રકારની મુશ્કેલીઓ વગર તંદુરસ્ત બચ્ચાંનો જન્મ આપે તેને આદર્શ સ્થિતિ માનવામાં આવે છે. ગર્ભધારણમાં વિલંબ કે ખામીથી પશુપાલકને સીધું આર્થિક નુકસાન થાય છે. FIP થકી ગાય અને ભેંસોમાં વ્યંધ્યત્વ દૂર કરીને સમયસર ગર્ભધારણ થાય તે સુનિશ્ચિત કરવામાં આવે છે, જેનાથી પશુનું આરોગ્ય અને દૂધ ઉત્પાદન બંને સુધરે છે.

**પશુપાલકોને થતા લાભ:**

ગુજરાત પહેલેથી જ દેશના અગ્રણી દૂધ ઉત્પાદક રાજ્યો પૈકીનું એક છે. રાજ્ય સરકારના મહત્વકાંક્ષી FIP અભિયાનથી રાજ્યના પશુઓના ગર્ભધારણ દરમાં ૨૦ થી ૩૦ ટકાનો સુધારો થવાની શક્યતા છે.

આ અભિયાન હેઠળ પશુઓને યોગ્ય સારવાર મળતા વ્યંધ્યત્વની સમસ્યામાં ઘટાડો આવશે, બે વિયાણ વચ્ચેનો સમયગાળો ટૂંકો થશે, દૂધ ઉત્પાદનમાં નોંધપાત્ર વધારો થશે, પશુપાલકોને આર્થિક બચત થશે અને બ્રુસેલોસીસ જેવા ચેપી રોગોના ફેલાવા પર પણ નિયંત્રણ આવશે.

ગુજરાતના ગામડાઓમાં યોજાઈ રહેલા ફર્ટિલિટી ઈમ્પ્રુવમેન્ટ કેમ્પમાં પોતાના ગાય-ભેંસને લાવીને તેની તપાસ કરાવવા પશુપાલન વિભાગ દ્વારા રાજ્યના પશુપાલકોને અનુરોધ કરવામાં આવ્યો છે.

- નિતિન રથવી

### રૂ. ૪૦ લાખ લાખથી વધુની ખંડણીનો આરોપ

## અડાલજમાં વ્યાજખોરોનો આતંક ઘરમાં ઘૂસી વૃદ્ધ પર હુમલો કર્યો

(સંપૂર્ણ સમાચાર સેવા)ગાંધીનગર

અડાલજ વિસ્તારમાં વ્યાજખોરોનો આતંક સામે આવ્યો છે, જ્યાં એક ભયાનક ઘટનામાં સિનિયર સિટીઝન પર હુમલો કરવામાં આવ્યો હોવાના અહેવાલ છે. જેમાં વ્યાજખોરો છરી લઈને પીડિતના ઘરમાં ઘૂસી ગયા હતા અને આ સમગ્ર ઘટના સીસીટીવી કેમેરામાં કેદ થઈ છે.

અડાલજ પોલીસ સ્ટેશનમાં નોંધાયેલી ફરિયાદ મુજબ, પીડિત પરિવારના પુત્રએ આરોપીઓમાં વિશાલ દેસાઈ, આનંદ દેસાઈ અને ચેતન દેસાઈ પાસેથી ૧૦ ટકાના વ્યાજદરે રૂ. ૨૦ લાખ ઉછીના લીધા હતા.

પરિવારે આક્ષેપ કર્યો છે કે, તેમણે અત્યાર સુધીમાં વ્યાજ તરીકે જ કુલ રૂ. ૪૦ લાખ ચૂકવી દીધા છે. છતાં તેમને ડરાવવા ધમકાવવામાં આવી રહ્યા છે.

પરિવારે જણાવ્યું કે, પુત્ર એક મિત્રને મદદ કરવા જતાં આ વ્યાજખોરોના ચુંગાલમાં ફસાયો હતો. ફરિયાદ મુજબ, આરોપીઓએ બળજબરીથી ઘરમાં પ્રવેશ કર્યો, રહેવાસીઓને છરી બતાવી ધમકી આપી અને ઝપાઝપી દરમિયાન સિનિયર સિટીઝનના પુત્રવધૂને હાથમાં ઈજા પણ પહોંચી હતી.

આ ઘટનાથી પીડિત પરિવાર ભય અને તણાવમાં છે. અડાલજ પોલીસે નાણાકીય વિવાદ અને હુમલાના સંદર્ભમાં ગુનો નોંધીને સમગ્ર મામલે તપાસ હાથ ધરી છે.

# સાબરકાંઠા જિલ્લાના હિંમતનગરમાં મેરેજ ટેરેરીઝમ વિરૂધ્ધ જનજાગૃત રેલી: ભાગેડુ લગ્ન પ્રથાને લઈને અગ્રણીઓના આકરા તેવર

**લગ્ન નોંધણીના કાયદામાં સુધારો કરવા કલેકટરને આવેદનપત્ર અપાયુંઃ ૧૮ સમાજના લોકોની જંગી રેલીઃ ટાવર ચોકથી કલેકટર કચેરી સુધી પ્રસ્થાન**



પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ

ગુજરાતમાં લગ્ન નોંધણીના કાયદામાં સુધારો કરવાની માંગ સાથે એક સળગતો મુદ્દો ઉભો થયો છે. જેને સમર્થન આપવા માટે હવે જન આંદોલનો શરૂ થઈ રહ્યા છે. લગ્નના નામે છેતરપીંડી, બોગસ ખોટા લગ્ન અને યુવતિઓના શોષણ જેવા કિસ્સાઓ વધતા જઈ રહ્યા છે જેને લોકોએ મેરેજ ટેરરીઝમ તરીકે ઓળખાવ્યુ છે. આ ગંભીર સામાજિક સમસ્યાના નિવારણ માટે કાયદામાં તાત્કાલીક સુધારાની જરૂરીયાત ઉભી થઈ છે. આ માંગ ને મજબુત બનાવવા માટે આજે સાબરકાંઠા જિલ્લાના મુખ્યમથક હિંમતનગર ખાતે એક વિશાળ જનજાગૃતિ રેલીનુ આયોજન કરવામાં આવ્યુ હતુ જેમાં અનેક સમાજના લોકો એકઠા થયા હતા અને જિલ્લા કલેકટરને આવેદનપત્ર આપીને કાયદાકીય સુધારા માટે ભારપૂર્વક રજુઆત કરી હતી. હિંમતનગરના ટાવર ચોક ખાતેથી લગ્ન નોંધણીના કાયદામાં સુધારાની માંગ સાથેની આ રેલીનુ આયોજન કરવામાં આવ્યુ હતું. આ રેલીમાં માત્ર એક કે બે નહિ પરંતુ જિલ્લાના ૧૮ જેટલા વિવિધ સમાજની મહિલાઓ અને પુરુષો મોટી સંખ્યામાં ઉત્સાહભેર જોડાયા હતા. સ્થાનિક લોકો દ્વારા આ મુદ્દે અલગ અલગ જિલ્લાઓમાં અગાઉ પણ રજુઆતો કરવામાં આવી છે. પરંતુ આ વખતે હિંમતનગરમાં યોજાયેલી આ રેલી જનજાગૃતિ અને સંગઠનની શકિત દર્શાવતી હતી. ટાવર ચોક ખાતેથી શરૂ થયેલી આ રેલીએ બહુમાળી કચેરી ખાતે આવેલી જિલ્લા કલેકટર કચેરી તરફ પ્રસ્થાન કર્યુ હતું. મોટી સંખ્યામાં જોડાયેલા લોકોએ કાયદામાં સુધારાની તાતી જરૂરીયાત પર ભાર મુકતા સુત્રોચ્ચાર કર્યા હતા. કલેકટર કચેરી પહોચીને રેલીમાં જોડાયેલા લોકોએ કલેકટરને આવેદનપત્ર આપ્યુ હતું.

જિલ્લા કલેકટરને આપવામાં આવેલા આવેદનપત્રમાં મુખ્યત્વે પાંચ મહત્વપૂર્ણ માંગણીઓ કરવામાં આવી છે જેનો ઉદેશ લગ્ન નોંધણીની પ્રક્રિયાને વધુ સુરક્ષિત અને જવાબદાર બનાવવાનો છે. જેમાં માંગણીઓ કરવામાં આવેલી તે મુજબ (૧) માતા પિતાની સહમતી ફરજીયાત કરવી (૨) સગીર કે યુવાન દિકરીના કિસ્સામાં લગ્ન નોંધણી માટે માતા પિતાની સહમતી લેવાનુ કાયદાકીય રીતે ફરજીયાત બનાવવુ (૩) એન્ટીરોમીયો સ્કવોડની સ્થાપના કરવી (૪) યુવતિઓની સુરક્ષા અને છેડતીના બનાવો રોકવા માટે શહેરો અને ગામડાઓમાં એન્ટી રોમીયો સ્કવોડની સ્થાપના કરીને તેને કાર્યરત કરવી (૫) દિકરીના રહેણાંક વિસ્તારમાં જ નોંધણી કરાવવી (૬) દિકરીના કાયમી રહેણાંક વિસ્તારની મર્યાદામાં જ લગ્ન નોંધણી કરાવવી ફરજીયાત બનાવવી જેથી કોઈ બહારની વ્યકિત ખોટી માહિતી આપીને લગ્ન નોંધણી ન કરાવી શકે (૭) મેરેજ ટેરેરીઝમની તપાસ કરાવવી (૮) ગુજરાતમાં થતા બોગસ ખોટા લગ્ન અને છેતરપીંડીના બનાવો એટલે કે મેરેજ ટેરેરીઝમની તપાસ કરવામાં આવે અને તેના પુરાવા એકત્ર કરીને જાહેર કરવામાં આવે (૯) મેરેજ ટેરેરીઝમ અટકાવવુ (૧૦) કડક કાયદા દ્વારા મેરેજ ટેરેરીઝમની પ્રવૃત્તિઓ પર કાયમી ધોરણે રોક લગાવવી.

આવેદનપત્ર આપતી વખતે રજુઆત કરવામાં આવી હતી કે જો આગામી દિવસોમાં લગ્ન નોંધણીના કાયદામાં જરૂરી સુધારો નહી કરવામાં આવે તો આંદોલનને વધુ ઉગ્ર બનાવવાની પણ શકયતાઓ સેવાઈ રહી છે. લોકોનુ માનવુ છે કે આ કાયદાકીય સુધારાથી દિકરીઓ વધુ સુરક્ષિત બનશે અને ખોટા ઈરાદાથી થતા લગ્નો પર લગામ લાગી શકશે.

# ભાજપના નવા પ્રદેશ પ્રમુખનુ શકિત પ્રદર્શન મધર ડેરી ખાતે યોજાયુઃ મોટી સંખ્યામાં નેતાઓ-કાર્યકર્તાઓ ઉપસ્થિત



પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ

નવનિયુકત ગુજરાત ભાજપના પ્રદેશ પ્રમુખ જગદીશ વિશ્વકર્માનુ ગાંધીનગરમાં ભવ્ય સ્વાગત કરવામાં આવ્યુ હતું. મધર ડેરી ખાતે યોજાયેલા એક વિશાળ કાર્યક્રમમાં હજારો ભાજપના કાર્યકરો અને નેતાઓએ હાજરી આપી હતી. વિશ્વકર્માનુ ઉષ્માભર્યુ સ્વાગત અને અભિવાદન કર્યુ હતું.

જગદીશ વિશ્વકર્મા આજે ગાંધીનગરમાં મધર ડેરી ખાતે રેલીના સ્વરૂપે પહોચ્યા હતા. મોટી સંખ્યામાં ભાજપના કાર્યકરો અને નેતાઓએ રેલીમાં ભાગ લીધો હતો. રેલી દરમિયાન, ભગવા ધ્વજ, બેનરો અને ફુલોના માળાથી શણગારેલા વાહનોનો કાફલો શહેરના મુખ્ય માર્ગો પરથી પસાર થયો હતો. જે ભાજપની એકતા અને ઉત્સાહનુ પ્રતિક હતું.

કાર્યકર્તાઓએ પોતાનો ઉત્સાહ વ્યકત કર્યો હતો અને વાતાવરણ ભારત માતા કી જય, ભાજપ ઝિંદાબાદના નારાઓથી ગુંજી ઉઠયુ હતું. મધર ડેરી ખાતે યોજાયેલા કાર્યક્રમમાં પરંપરાગત ઢોલ અને નગારા સાથે ફટાકડા ફોડી જગદીશ વિશ્વકર્માનુ સ્વાગત કરવામાં આવ્યુ હતું. કાર્યકરોએ માળા અને શાલ થી તેમનુ સ્વાગત કર્યુ હતું. આ પ્રસંગે મોટી સંખ્યામાં ભાજપના પ્રદેશ નેતાઓ, ધારાસભ્યો અને સ્થાનિક કાર્યકરો હાજર રહ્યા હતા. સ્થાનિક રહેવાસીઓએ પણ ભાગ લીધો હતો અને પોતાનો ઉત્સાહ વ્યકત કર્યો હતો.

જગદીશ વિશ્વકર્માને ગુજરાત ભાજપના અનુભવી અને સમર્પિત નેતા તરીકે ઓળખવામાં આવે છે, તેમની નિમણુંકને ભાજપના આંતરીક સંગઠનને વધુ મજબુત બનાવવાના પ્રયાસ તરીકે જોવામાં આવી રહી છે. ગ્રામીણ અને શહેરી વિસ્તારોમાં ભાજપની હાજરી વધારવા અને આગામી ચુંટણીઓમાં પાર્ટીની સફળતા માટે તેમની નિમણુંક મહત્વપૂર્ણ માનવામાં આવે છે. આ પ્રસંગે પોતાના સંબોધનમાં વિશ્વકર્માએ કાર્યકરોને એક થવા અને પાર્ટીના લક્ષ્યોને પ્રાપ્ત કરવા અને ગુજરાતના વિકાસમાં યોગદાન આપવા અપીલ કરી હતી. આ કાર્યક્રમ ભાજપના શકિત પ્રદર્શન માટે એક મહત્વપૂર્ણ માધ્યમ તરીકે સેવા આપી હતી. મધર ડેરી ખાતે હજારો કાર્યકરોએ તેમની એકતા અને સંમ્પર્ણ દર્શાવ્યુ હતું. ભગવા, ભાજપના ધ્વજ અને સુત્રોચ્ચારથી ભરેલા વાતાવરણે ગાંધીનગરમાં રાજકીય વાતાવરણને વધુ ગરમાવ્યુ હતું. આ કાર્યક્રમ દ્વારા ભાજપે રાજયમાં તેની મજબુત સ્થિતિ અને લોકપ્રિયતા વ્યકત કરી.

# જગદીશ પંચાલ બન્યા ભાજપના ૧૪ માં પ્રદેશ અધ્યક્ષઃ તાજપોશી સાથે નવા પડકારો પણ કરવા પડશે પાર



પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ

ઘણા સમયથી ગુજરાત ભાજપના નવા પ્રદેશ અધ્યક્ષના નામને લઈને આજે ૪ ઓકટોબર ના રોજ ભાજપે પોતાના નવા પ્રદેશ અધ્યક્ષનુ નામ જાહેર કરી દીધુ છે, આજે જગદીશ પંચાલે ૧૪ માં પ્રદેશ પ્રમુખ તરીકે પદગ્રહણ કર્યુ હતું. ગઈ કાલે તેમણે વિજયમુહુર્તમાં ફોર્મ ભર્યુ હતુ અને તેમને બિનહરીફ જાહેર કરવામાં આવ્યા હતા. આજે તારીખ ૪ ઓકટોબરે ગાંધીનગર કમલમ ખાતે પદગ્રહણ કાર્યક્રમ યોજાયો હતો, ગુજરાત રાજયના ભાજપના પ્રભારી ભુપેન્દ્ર યાદવ દ્વારા જગદીશ પંચાલને સત્તાવાર રીતે પ્રદેશ પ્રમુખ જાહેર કરવામાં આવ્યા હતા. આ સાથે જ મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે શ્રીફળ અને પળો આપ્યો હતો, જયારે પૂર્વ અધ્યક્ષ સીઆર પાટીલે ભાજપનો ધ્વજ આપી તેમને અભિનંદન આપ્યા હતા, જગદીશ પંચાલ નવા પ્રદેશ અધ્યક્ષ બન્યા પણ જુનો રાગ આલોપવાનુ ભુલ્યા નથી, આ કાંટાળો તાજ હાથમાં આવી તો ગયો છે , વિશ્વકર્મા સામે તેટલાજ પડકારો પણ છે, એટલે આ પડકારોમાં તેઓ કેટલા ખરા ઉતરે છે તે પણ જોવાનુ રહેશે. જગદીશ પંચાલ આમ તો સંગઠનમાંથી આવે છે, ગુજરાત સરકારના સહકારીતા મંત્રી પણ છે અને તેમની પાસે સંગઠનનો અનુભવ હોવાથી તેમણે નવેસરથી શરૂઆત કરવી પડશે નહી, આ સાથે જ જે રીતે ભુપેન્દ્ર પટેલને જયારે મુખ્યમંત્રી બનાવવામાં આવ્યા અને તેમને સંગઠનનો અનુભવ ન હતો જેના કારણે તેમને બધુ સમજવામાં સમય લાગ્યો તો હવે આ વાત જગદીશ પંચાલના કેસમાં નહી બને, અને કોની પાસેથી કેવુ કામ લેવડાવવુ એ તેમને ખબર હશે. સીઆર પાટીલ ૫ વરસથી ગુજરાત ભાજપના પ્રદેશ પ્રમુખ છે અને સાથે તેમણે બે વરસનુ એકસટેન્શન આપવામાં આવ્યુ હતું પણ આ ૭ વરસ દરમિયાન ભાજપમાં સતત પાયાના કાર્યકરોમાં કયાંક નારાજગી જોવા મળી રહી છે. સાથે જ ભાજપે ખુબ મોટાપાયે ભરતી મેળો ચલાવ્યો જેમાં જુના કોંગ્રેસી નેતાઓ ભાજપમાં જોડાયા અને પાયાના કાર્યકરોમાં તેને લઈને પણ નારાજગી જોવા મળી રહી છે.

આ સાથે જ આ બધી બાબતોમાં ફેરફાર કરવા પડશે, જગદીશ પંચાલ માટે આ પણ એક પડકાર છે, છેલ્લા ઘણા સમયથી સંગઠન માળખુ બરાબર નથી, હાલ બે જ મહામંત્રી છે વિનોદ ચાવડા અને રજની પટેલ, હવે આ માળખુ પણ ભરવાનુ છે અને એ માળખુ ભરવામાં જ સૌથી મોટો પડકાર છે. કોને સંગઠનમાં સ્થાન આપવુ અને કોને નહી તે પણ ખુબ મોટી ચેલેન્જ સાબિત થઈ શકે છે.

# ધારાસભ્ય ગોપાલ ઈટાલીયાએ રાજયપાલને લખ્યો પત્રઃ ગૃહરાજય મંત્રી હર્ષ સંઘવીને પદભ્રષ્ટ કરવાની કરી માંગ



પ્રતિનિધિ,ગાંધીનગર

આમ આદમી પાર્ટીના વિસાવદરના ધારાસભ્ય ગોપાલ ઈટાલીયાએ ગુજરાત રાજયના ગૃહમંત્રાલયની સંપૂર્ણ નિષ્ફળતાના કારણે ગૃહમંત્રી હર્ષ સંઘવીને પદભ્રષ્ટ કરવા બાબતે રાજયપાલને પત્ર લખ્યો છે.

આમ આદમી પાર્ટી ધારાસભ્ય ગોપાલ ઈટાલીયાએ પત્રમાં રજુઆત કરતા જણાવ્યુ હતુ કે ગુજરાત રાજયમાં છેલ્લા એક વરસમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ અત્યંત ચિંતાજનક બની છે. અહેવાલો મુજબ માત્ર એક વરસમાં ૯ હજાર થી વધુ આત્મહત્યાના કેસ નોંધાયા છે.

૮૯૮ કરોડની ચોરીઓ થયેલી છે, જેમાંથી ૬૪૩ (૭૭ ટકા ) કરોડનો મુદ્દામાલ હજુ સુધી જપ્ત થયો નથી. અપહરણના કેસની વાત કરવામાં આવે તો રાજયમાં સતત અપહરણના કેસ વધી રહ્યા છે. માત્ર અમદાવાદમાં ૨૫૧૧ કેસ નોંધાયા છે. જેમાંથી ૭૩૪ લોકોનો હજુ સુધી કોઈ અત્તોપત્તો મળ્યો નથી.

આમ આદમી પાર્ટી ધારાસભ્ય ગોપાલ ઈટાલીયાએ વધુમાં જણાવ્યુ હતુ કે આ આંકડાઓ સાબિત કરે છે કે રાજયનુ ગૃહમંત્રાલય કાયદો અને વ્યવસ્થા જાળવવામાં તદ્દન નિષ્ફળ ગયુ છે. જનતાની સુરક્ષા સુનિશ્ચિત કરવી એ ગૃહમંત્રાલયનુ મુખ્ય કાર્ય છે.

પરંતુ હાલની પરીસ્થિતિમાં લોકો પોતાને અસુરક્ષિત માને છે જે ગૃહમંત્રીની નિષ્ફળતાનો બોલતો પુરાવો છે, ગૃહમંત્રીના શહેરી વિસ્તાર સુરતમાં પણ દિનદહાડે લુંટ, આત્મહત્યા અને માદક પદાર્થો પકડાવવાના બનાવો શરમજનક કહેવાય છે, આટલી સ્પષ્ટ નિષ્ફળતા છતાં જો ગૃહમંત્રી પોતાનુ પદ છોડતા ન હોય તો રાજયપાલ તરીકે આપને વિનંતી છે કે આવા નિષ્ફળ ગૃહમંત્રીને તાત્કાલીક પદભ્રષ્ટ કરવામાં આવે અને ગુજરાતની જનતાને સુરક્ષા આપવા માટે યોગ્ય અને જવાબદાર વ્યકિતને આ મહત્વનુ મંત્રાલય સોંપવામાં આવે.

# મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ આવતી કાલે સોમવારે ૧૧ એસટી ડીવીઝનોને ૨૦૦ નવી બસોનુ લોકાર્પણ કરશે

પ્રતિનિધિ,ગાંધીનગર

રાજય સરકારની સહાયતાથી ચાલુ વરસમાં એસટી નિગમને ૨૩૦૦ થી વધુ નવા વાહનની ફાળવણી શરૂ થઈ ગઈ છે. છેલ્લા કેટલાક મહિનાઓથી ક્રમશઃ જુદા જુદા એસટી ડીવીઝનોને નવા વાહનોની ફાળવણી કરવામાં આવી રહી છે. ત્યારે ફરી એકવાર એસટી નિગમને નવા વાહનોનો જંગી કાફલો આવતી કાલે સોમવારે ગાંધીનગર ખાતેના બસસ્ટેન્ડ ખાતેથી મુખ્યમંત્રીના હસ્તે લોકાર્પણ કરવામાં આવનાર છે. આગામી તારીખ ૬ ને સોમવારના રોજ ગાંધીનગર ખાતેથી મુખ્યમંત્રીના હસ્તે રાજયના ૧૧ એસટી ડીવીઝનોને ૨૦૦ જેટલી નવી બસોનુ લોકાર્પણ કરવામાં આવનાર છે.

આ અંગેની એસટી નિગમના સુત્રોમાંથી મળતી માહિતી મુજબ આવતી કાલે સોમવારે સાદી અને ગુર્જર નગરી બસોનુ ૧૧ ડીવીઝનોને લોકાર્પણ કરવામાં આવશે. એસટી નિગમના સુત્રોના જણાવ્યા પ્રમાણે રાજકોટ એસટી વિભાગને ૨૧, ભુજને ૧૮, અમરેલી જુનાગઢ અને ભાવનગર વિભાગને ૨૮ નવી બસો ફાળવવામાં આવનાર છે. વધુમાં મળતી માહિતી પ્રમાણે નડીયાદ અને વડોદરા વિભાગને નવી ૪૪ તથા હિંમતનગર તથા ગોધરા વિભાગને ૨૧ તેમજ મહેસાણા અને અમદાવાદ વિભાગને ૪૧ નવી બસોની ફાળવણી કરવામાં આવનાર છે. ઉલ્લેખનીય છે કે સાદી અને ગુર્જરનગરી ઉપરાંત રાજકોટ વિભાગને ટુંક સમયમાં વધુ ૧૦ નવી એસી બસો પણ મળનાર છે.

# ગુજરાત કોંગ્રેસ દ્વારા દહેગામ ખાતે જન આક્રોશ સભાનુ આયોજન કરવામાં આવ્યું





પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ

ગુજરાત કોંગ્રેસ દ્વારા આજે તારીખ ૪ ઓકટોબર ના રોજ ગાંધીનગર જિલ્લાના દહેગામ ખાતે મંદી, મોંઘવારી અને બેરોજગારી તેમજ ભ્રષ્ટાચાર સામે જનતાના હક્ક અધિકારની લડાઈને બુલંદ કરવા જનઆક્રોશ સભાનુ આયોજન કરવામાં આવ્યુ હતું. જનતાના આક્રોશને વાચા આપવા ગુજરાત કોંગ્રેસ દ્વારા જનઆક્રોશ સભાનુ આયોજન કરાયુ હોવાનુ ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના અધ્યક્ષ અમિત ચાવડાએ જણાવ્યુ હતુ,

સભામાં સંબોધન કરતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના અધ્યક્ષ અમિત ચાવડાએ જણાવ્યુ હતુ કે ગુજરાતમાં છેલ્લા ૩ દાયકાથી શાસન કરતી ભાજપની સરકાર દરેક મોરચે નિષ્ફળ નિવડી છે. તમામ વર્ગ વિસ્તારના લોકો ભેદભાવ અને અન્યાયનો ભોગ બન્યા છે અને એના કારણે આજે દરેક વ્યકિત દુઃખ અને આક્રોશમાં છે. મંદી, મોંઘવારી, ભ્રષ્ટાચાર અને બેરોજગારી ચારેય તરફ વધી છે. કાયદો વ્યવસ્થાની પરીસ્થિતિ કથળી ગઈ છે. ખેડુતોની આર્થિક હાલત ખુબ ખરાબ છે, ધંધા વેપાર ચોપટ થઈ રહ્યા છે. દારૂ અને ડ્રગ્સ ની બદી વધી રહી છે. યુવાઓને રોજગાર જોઈએ, પણ તેની જગ્યાએ પેપરલીક અને ઈન્ટરવ્યુ માં ભેદભાવ થાય છે અને હવે છેલ્લે છેલ્લે ભાજપે આરોગ્ય વિભાગના સીએચઓ અને નર્સિંગની કરાર આધારીત ભરતીમાં પણ મેરીટ ઘુસાડી ભ્રષ્ટાચારને આમંત્રણ આપ્યુ છે.

તમામ લોકોની તકલીફોને વાચા આપવા માટે ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિએ રાજયના તમામ ૧૮૨ વિધાનસભા વિસ્તારોમાં જનઆક્રોશ સભાઓ દ્વારા લોકોના અવાજને બુલંદ કરવાનો સંકલ્પ કર્યો છે. આજ દહેગામથી એની શુભ શરૂઆત કરવામાં આવી છે તમામ નેતા અને કાર્યકર્તાઓએ લોકોના હક્ક અધિકાર અને સંવૈધાનિક અધિકારોની રક્ષા માટે લડવાનો સંકલ્પ લીધો છે. વોટ ચોરોને ખુલ્લા પાડવા અને મતના અધિકારની રક્ષા માટેનુ આ અભિયાન ઘર ઘર સુધી લઈ જઈ સફળ બનાવાશે. આજે રાજયમાં ચારેય તરફ ભ્રષ્ટાચાર વ્યાપી ગયો છે, રસ્તામાં ખાડા નહી પરંતુ આખી સરકાર ખાડે ગઈ છે, લોકોના આક્રોશને લઈને આવનારા દિવસોમાં કોંગ્રેસ લોકો વચ્ચે જઈ સરકાર સામે જનઆંદોલન ઉભુ કરશે તેવુ પણ અમિત ચાવડાએ જણાવ્યુ હતુ,

આ કાર્યક્રમમાં ગુજરાત કોંગ્રેસના પ્રભારી મુકુલ વાસનિક, વિપક્ષ નેતા ડો.તુષાર ચૌધરી, પૂર્વ કેન્દ્રીય મંત્રી ભરતસિંહ સોલંકી, કોંગ્રેસ વર્કિગ કમિટીના સભ્ય જગદીશ ઠાકોર, સહપ્રભારી સુભાષીની યાદવ , સહપ્રભારી રામકિશન ઓઝા, પ્રદેશ પ્રવકતા હિમાંશુ પટેલ, ગાંધીનગર જિલ્લા પ્રમુખ અરવિંદસિંહ સોલંકી સહિતના નેતાઓ અને કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા.

# નવા ભાજપ પ્રમુખના પદગ્રહણ સમારોહમાં સીઆર પાટીલે આગેવાનો અને કાર્યકરોને માંગી માફી



પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ

આજે ગુજરાત માટે એક ઐતિહાસિક દિવસ હતો. ગુજરાત ભાજપ પાર્ટીના નવા પ્રદેશ પ્રમુખ તરીકે જગદીશ વિશ્વકર્માએ પદગ્રહણ કર્યુ હતું. તેઓ ગુજરાત ભાજપના ૧૪ માં પ્રદેશ પ્રમુખ બન્યા છે, આ પ્રસંગે કમલમ ખાતે વિશાળ પદગ્રહણ સમારોહ યોજાયો હતો. જેમાં પાર્ટીના અનેક આગેવાનો, કાર્યકર્તાઓ અને સમર્થકો હાજર રહ્યા હતા. હું દિલથી માફી માંગુ છુ, આ પ્રસંગે પૂર્વ પ્રદેશ પ્રમુખ અને કેન્દ્રીય મંત્રી સીઆર પાટીલના સંબોધનમાં બહુજ લાગણીસભર ક્ષણો જોવા મળી હતી.

પાટીલે ખુલ્લેઆમ માફી માંગી કહ્યુ હતુ કે મારા કેટલાક નિર્ણયોથી કોઈ દુઃખી થયુ હોય તો હું દિલથી માફી માંગુ છું, હું સ્વીકારૂ છુ કે મે કેટલાક એવા નિર્ણયો લીધા, સીઆર પાટીલે કહ્યુ કે હું સ્વીકારૂ છું કે મેં કેટલાક એવા નિર્ણયો લીધા હશે જેના કારણે કેટલાકને લાભ થયો અને કેટલાક ને નુકશાન પણ થયુ હશે, પરંતુ દરેક નિર્ણય પાર્ટીના હીતને ધ્યાનમાં રાખીને જ લીધા, જેનો અફસોસ મને હંમેશા રહેશે, સીઆર પાટીલે વિધાનસભા ચુંટણીને લઈને પણ થોડુ દુઃખ વ્યકત કરતા કહ્યુ હતુ કે જો આપણે ૩ લાખ મત વધુ લાવ્યા હોત તો આજે ૧૮૨ બેઠક મેળવી શકયા હોત, ૧૫૬ બેઠકો સુધી પહોચ્યા અને પેટા ચુંટણી બાદ તે સંખ્યા ૧૬૨ થઈ, પણ ૧૮૨ સુધી પહોચી શકયા નહી, જેનો અફસોસ મને હંમેશા રહેશે,

આજે અશ્વમેધ યજ્ઞનનો ઘોડો આગળ વધી રહ્યો છે. સીઆર પાટીલે નવી લીડરશીપ વિશે પણ આત્મવિશ્વાસ વ્યકત કરતા કહ્યુ હતુ કે હવે જગદીશ વિશ્વકર્મા ગુજરાત ભાજપના સુકાની બન્યા છે, દરેક કાર્યકર્તા તેમના માર્ગદર્શન હેઠળ કાર્ય કરશે, આજે અશ્વમેઘ યજ્ઞનનો ઘોડો આગળ વધી રહ્યો છે.

# છોટા ઉદેપુરના રાજકારણમાં નવા જુની થવાના એંધાણ : રાજેશ રાઠવાની ચૈતર વસાવા સાથે મુલાકાત થી અનેક તર્ક વિર્તક



પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાતમાં થોડા સમયમાં જ હવે સ્થાનિક સ્વરાજયની ચુંટણીઓ આવવાની છે, પરંતુ હંમેશા ચુંટણીઓ પહેલા નેતાઓના પાર્ટી બદલતા હોય તેવી વાતો પણ સામે આવતી હોય છે,

આજે ૪ ઓકટોબરે છોટા ઉદેપુર તાલુકા પંચાયતના ભાજપના કારોબારી અધ્યક્ષ રાજેશ રાઠવા આમ આદમી પાર્ટીના ધારાસભ્ય ચૈતર વસાવા સાથે મુલાકાત કરી હતી, જે બાદ હવે ત્યાંના રાજકારણમાં નવા જુની થવાના એંધાણ જોવા મળી રહ્યા છે. આ સાથે જ આદિવાસી નેતા અને ધારાસભ્ય ચૈતર વસાવા સાથે મુલાકાત કરતા અનેક તર્ક વિર્તક સર્જાયા છે. રાજેશ રાઠવા ભાજપ છોડી આમ આદમી પાર્ટીમાં જોડાશે ? તેવી ચર્ચા શરૂ થઈ છે, આમ આદમી પાર્ટીના ધારાસભ્ય સાથે મુલાકાતનો ફોટો વાયરલ થયો છે. અગાઉ પણ ચૈતર વસાવાના સમર્થનમાં રાજેશ રાઠવા પોસ્ટ મુકી ચુકયા છે,

**કારના ગુપ્ત ખાનામાં સંતાડીને લવાતી હતી ચાંદી**

# અમીરગઢમાં વાહન ચેકિંગ દરમિયાન કારમાંથી ૪૫.૬ કિલો ચાંદી અને રૂ.૧૦ લાખ રોકડા પકડાયા

**રોકડ રકમના મુદ્દામાલ સહિત એક યુવકની અટકાયત કરી છે પોલીસે ઝડપાયેલા યુવક સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે**

(સંપૂર્ણ સમાચાર સેવા)બનાસકાંઠા

રાજસ્થાન પોલીસે વાહન ચેકિંગ દરમિયાન ગુજરાત તરફ આવી રહેલી એક કારમાંથી ચાંદી અને મોટી રોકડ રકમનો જથ્થો પકડી પાડીને એક વ્યક્તિની ધરપકડ કરી છે. રાજસ્થાનના માવલ પોલીસ સ્ટેશન દ્વારા આ કાર્યવાહી કરવામાં આવી હતી. પોલીસ દ્વારા કરવામાં આવેલા નિયમિત વાહન ચેકિંગ દરમિયાન એક કારને રોકવામાં આવી હતી. જે રાજસ્થાનથી ગુજરાત તરફ જઈ રહી હતી.

પોલીસને શંકા જતાં કારની સઘન તલાશી લેવામાં આવી હતી. તલાશી દરમિયાન પોલીસને કારમાં બનાવેલા ગુપ્ત ખાના વિશે જાણ થઈ હતી. આ ગુપ્ત ખાનાની તપાસ કરતાં પોલીસને મોટો જથ્થો મળી આવ્યો હતો. જેમાં ૪૫ કિલો ૬૦૦ ગ્રામ ચાંદી અને રૂપિયા ૧૦ લાખ રોકડ રકમ હતી.

પોલીસે ગેરકાયદેસર રીતે લઈ જવાતા આ ચાંદી અને રોકડ રકમના મુદ્દામાલ સહિત એક યુવકની અટકાયત કરી છે. પોલીસે ઝડપાયેલા યુવક સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

આ ઉપરાંત પોલીસે આ લાખો રૂપિયાનો મુદ્દામાલ ક્યાંથી લાવવામાં આવ્યો હતો અને ગુજરાતમાં ક્યાં લઈ જવામાં આવી રહ્યો હતો તે દિશામાં પણ ઊંડાણપૂર્વક તપાસ શરૂ કરી છે.

આ જથ્થો ગેરકાયદેસર વ્યવહાર સાથે જોડાયેલો છે કે કેમ તે અંગેની તપાસ ચાલી રહી છે.